eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 400
Aug 07, 2015

## સુરત મહાનગરપાલિકા પ્રેસનોટ

## જયાપાર્વતી વ્રત (અલુણાવ્રત) નિમિત્તે બાગોમા પ્રવેશ બાબત.

સુરત મહાનગરપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમા જયાપાર્વતીવ્રત નિમિત્તે તા.૨૯/૦૭/૧૫ થી તા.૦૨/૦૮/૧૫ સુધી નીચે જણાવેલ બાગોમા બપોરે ૦૩:૦૦ થી રાત્રે ૧૧:૦૦ કલાકે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો/ નાના બાળકો/ બાલીકાઓને/ વરિષ્ઠ નાગરીકો ને જ દાખલ થવા દેવામાં આવશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૨, નોંધ નં.૪૨૩૦/એ તથા ૪૨૩૦/બી વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૯/૦૫/૧૪ ના રોજ વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારા શ્રી રાકેશભાઈ કંચનલાલ અજમેરી તથા હિરેનભાઈ સુરેશચંદ્ર અજમેરી ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરતાં માળ વધારાનું બાંધકામ અત્રેથી અગાઉ તા.૧૮/૦૨/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ. હાલ ભોંયતળીયે પાર્કીગ કવર્ડ કરી આશરે ૧૧૦૦ ચો.ફુટ વિસ્તારમાં પાર્કીગની જગ્યામાં કરવામાં આવેલ દિવાલો સહિતનું બાંધકામ તા.૨૦/૦૭/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સૂર્યપુત્રી તાપી જન્મજયંતિ ઉજવણી

ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે આ પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહયું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન, અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. તેવી ધરતી પરની સૌથી પૌરાણિક અને સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ તા.૨૩/૦૭/૨૦૧૫ને ગુરૂવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત સરકારના દંડકશ્રી અજયભાઈ ચોકસી,ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,સ્થાયી સમિતિ ચેરમેનશ્રી નિરવભાઈ શાહ, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત નગરજનોના સાનિધ્યમાં શહેર માટે કલ્યાણકારી ભવિષ્યની વાંચ્છના સાથે દીપ પ્રગટાવી પૂજા અર્ચના કરી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસની સાથોસાથ ટ્રાફિક અને પાર્કીગની ગંભીર સમસ્યાઓ ઉદ્દભવેલ છે. આ સમસ્યાઓમાંથી મહદ્ અંશ બહાર આવી શકાય તે હેતુથી મ્યુ.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં લંબેહનુમાન રોડ પર રેલ્વે ગરનાળાથી રચના સર્કલ થઈ કપોદ્રા સ્પીનીંગ મીલ સુધીના રસ્તાની બંને બાજુએ પાછલા બે (૨) દિન માં આશરે ૫૦ જેટલી મિલકતો, દુકાનો/શોપીંગ સેન્ટરો/મકાનો દ્વારા રસ્તા /ફુટપાથ, માર્જીન તથા પાર્કીગવાળા ભાગમાં ગેરકાયદેસર રીતે દબાણો ઉભા કરી બાંધેલ ઓટલાઓ, દાદર, ફેબ્રીકેશન શેડ, દિવાલો, ગ્રીલ, કેબીનો, બોર્ડ–બેનરો વિગેરે તોડીને આશરે ૧૫૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## કારગીલ વિજય દિન અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન

કારગીલની ઠંચી પહાડીઓમાં માણસનું હાડ થિજાવી દે તેવી વિષમ પરિસ્થિતિમાં ભારતીય
જવાનોએ ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના દિવસે "ઓપરેશન વિજય" પાર પાડીને કારગીલની બધી ચોકીપર પાછો ભારતીય ત્રિરંગો ફરકાવ્યો ત્યારથી ૨૬મી જુલાઈના રોજ કારગીલ વિજયને 'વિજય દિવસ'તરીકે મનાવવામાં આવે છે અને કારગીલ યુદ્વમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવીરહી છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા કારગીલ વિજય દિન નિમિ:ત્તે તા.૨૬મી જુલાઈ, ૨૦૧૫નેરવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે "કારગીલ ચોક" પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધા સુમનઅર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા

ભારતીય સંસ્કૃતિ એટલે વ્રત, તપ અને તહેવારોથી ભરેલી સંસ્કૃતિ. આજે પણ પૌરાણિક વ્રત અને ઉત્સવો એજ ઊંડી શ્રધ્ધા અને ભકિતથી ઉજવાય છે. ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે યોજાતા આ ઉત્સવને જીવંત અને ધબકતો રાખવાના ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૨૮/૦૭/૨૦૧૫ના રોજ સવારે ૧૧ કલાકે પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધા, બપોરે ૩ કલાકે માધ્યમિક વિભાગની મહેંદી સ્પર્ધા

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા હીરાબાગ હેલ્થ સેન્ટર ખાતે ખ્યાતનામ  રંગોળી કલાકાર અખ્તર ટેલર નિર્મીત રંગોળી ધ્વારા  માનનીય સ્વ.ડો.અબ્દુલ કલામને શ્રધ્ધાંજલી

સુરત મહાનગરપાલિકા હીરાબાગ હેલ્થ ખાતે મા.સ્વ.ડો.અબ્દુલ કલામને શ્રધ્ધાંજલી આપવા આજના તેમની અંતિમ વિધી પ્રસંગે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં  કલામંથન આર્ટ એકેડેમીનાં શ્રી  ધર્મેશ પટેલનાં સહયોગથી સુરતમાં ખ્યાતનામ  રંગોળી કલાકાર શ્રી  અખ્તર ટેલર ધ્વારા  લગભગ આઠ કલાકની મહેનતથી રંગોળી સ્વરૂપે ડો. અબ્દુલ કલામની આબેહુબ રંગોળી  બનાવવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગપાલિકા પૂર્વ(વરાછા)ઝોનના વિવિધ વિસ્તારોમાં દબાણ/ડીમોલીશન ઝુંબેશ

ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) માં  સ્પીનીંગ મીલની પાછળ ફા.પ્લોટ નં.૬૦, ૬૨ પૈકી મમતા પાર્ક સોસાયટી પાછળ આવેલ દિનદયાળનગર, શ્રીરામનગર વસાહતના રહેવાસીઓ તરફેથી મુખ્ય રોડ ને લાગુ અત્રેથી ફાળવેલ રેસીડેન્સીયલ હેતુ માટેના પ્લોટો પર  હેતુફેર કરી દુકાનો બનાવી તેમાં મચ્છી, ઈંડા, મટન તથા અન્ય ખાદ્યપ્રદાર્થોનું વેચાણ બિનઅધિકૃત રીતે  કરતાં હોય, જેને કારણે આ વિસ્તારમાં પુષ્કળ ગંદકીની સાથે ન્યુસન્સ ઉભુ થયેલ, જેને બંધ કરાવવા અંગે આ વિસ્તારમાં આજુબાજુની સોસાયટીના રહીશો તેમજ સ્થાનીક મ્યુ.સભ્યશ્રી/ માન.ધારાસભ્યશ્રીઓની વારંવારની લેખિત તથા મૌખિક ફરીયાદો / રજુઆતો  મળતી હોય

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં જમીન મિલ્કત વિભાગ દ્વારા આવાસમાં રહેતા ભાડુઆતો પાસેથી ચાલુ વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન રૂા.૩૪,૯૫,૦૧૦/–થી વધુની ભાડાની વસુલાત.

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં ચાલુ વર્ષ ૨૦૧૫–૧૬ માં જમીન મિલ્કત વિભાગ દ્વારા ઝોન વિસ્તારમાં બાંધવામાં આવેલ તમામ ભઈધઈક આવાસોના ભાડુઆતો દ્વારા દર મહિને નિયત કરેલ ભાડાના હપ્તા ભરપાઈ કરવામા લાંબા સમયથી વિલંબ કરવામાં આવતા હતા. જે માટે સદર આવાસોમાં અલગ અલગ દિવસે જયાં ભાડાના હપ્તાની વસુલાત લાંબા સમયથી બાકી હોય તેવા આવાસોના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)નાં એડી.સીટી.ઈજનેરશ્રી જે.કે શાહ ના માર્ગદર્શન હેઠળ આસી.કમિશનરશ્રી શ્રીમતી ગાયત્રી આર. જરીવાલા તથા જમીન મિલ્કત વિભાગના સ્ટાફ દ્વારા ઝુંબેશ કરવામાં આવેલ હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ

કતારગામ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ જે.પી.નગર–૧ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૧૧, ફુલવાડી ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૨, દાવલશા ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૨, જે.પી.નગર–૨ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૫, ધીરૂભાઈની ચાલના માન્ય યાદીના–૦૪, જનતાનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૩, રામલગન ભૈયાની વાડીના માન્ય યાદીના–૦૩, પટેલવાડી–૨ ના માન્ય યાદીના–૦૨ તથા મિનાક્ષીવાડી રાણાવાસના માન્ય યાદીના–૦૧ મળી કુલ ૩૩ લાભાર્થીઓને ટી.પી.૯(પાલનપુર–ભેંસાણ), ફા.પ્લોટ નં. ૧૭૬ ખાતે(૨૭ લાભાર્થીઓને), ટી.પી.૬૯(ગોડાદરા–ડીંડોલી), ફા.પ્લોટ નં. ૧૮૧, આર–૭ ખાતે(૪ લાભાર્થીઓને), ટી.પી.૫૪(ભેસ્તાન), ફા.પ્લોટ નં. ૧/એ ખાતે(૧ લાભાર્થીને) તથા મોજે જહાંગીરાબાદ બ્લોક નં. ૨૪૩ પૈકી ખાતે(૧ લાભાર્થીને) સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વઘદગચોઢખકગ. અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૨.૦૭.૨૦૧૫ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે કતારગામ ઝોન ઓફિસ ખાતે નોર્થ ઝોન (કતારગામ) ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ પરવાનગી વગરના બાંધકામ અન્વયે આજરોજ ઝોનની શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગની સંયુકત ટીમ ખાનગી સ્ટાફના બેલદારો સહિત ૧૫ થી વધુ માણસો દ્વારા ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ જેની ટુંકી વિગત નીચે મુજબ છે.

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ મંજુર ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા) માં આવેલ ફા.પ્લોટ નં. ૯૯ પૈકીમાં આવેલ સાંઈકૃપા ઈન્ડ., સબ પ્લોટ નં.૯૪ માં મિલ્કતદાર દ્વારા સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી વિના માર્જીનના ભાગમાં આશરે ૧૬ ' × ૨૫' ચો.ફુટ માપવિસ્તારમાં દિવાલોના ચણતરકામ કરી પતરાના શેડનું બાંધકામ કરવામાં આવેલ છે. જે હકીકત સબંધિત સ્ટાફના ધ્યાન ઉપર આવતા આજ તા. ૨૩/૦૭/૨૦૧૫ ના રોજ અત્રેની ઝોન કચેરીના શહેર વિકાસ સ્ટાફ, દબાણ સ્ટાફ તથા ખાનગી કોન્ટ્રાન્કટરોના ૧૫ માણસો ઉપરાંત બેલદારો અને ગેસ કટર જેવા સાધનની મદદથી ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તથા ૪૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં દિવાલોના ચણતરકામ સહિત પતરાના શેડનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

સદરહું સોસાયટીના સબ પ્લોટ નં.૯૫ માં મિલ્કતદાર દ્વારા સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી વિના માર્જીનના ભાગમાં આશરે ૧૬ ' × ૨૫' ચો.ફુટ માપવિસ્તારમાં દિવાલોના ચણતરકામ સહિત પતરાના શેડનું બાંધકામ કરી 'ગુલમહોર' નામે ખાણીપીણી ની રેસ્ટોરન્ટ શરૂ કરવામાં આવેલ. સદરહું બાંધકામ ના ૪૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં એંગલ ચેનલ સહિત પતરાના શેડનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત સમગ્ર કામગીરીમાં ડેપ્યુટી ઈજનેરો,આસી.ઈજનેરો, શહેર વિકાસ સ્ટાફ, દબાણ સ્ટાફ તથા ખાનગી કોન્ટ્રાન્કટરોના ૧૫ માણસો ઉપરાંત બેલદારો રોકાયેલ.

TOP

સુરત મહાનગરપાલિકા
પ્રેસનોટ
## જયાપાર્વતી વ્રત (અલુણાવ્રત) નિમિત્તે બાગોમા પ્રવેશ બાબત.

સુરત મહાનગરપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમા જયાપાર્વતીવ્રત નિમિત્તે તા.૨૯/૦૭/૧૫ થી તા.૦૨/૦૮/૧૫ સુધી નીચે જણાવેલ બાગોમા બપોરે ૦૩:૦૦ થી રાત્રે ૧૧:૦૦ કલાકે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો/ નાના બાળકો/ બાલીકાઓને/ વરિષ્ઠ નાગરીકો ને જ દાખલ થવા દેવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| | સેન્ટ્રલ | | |
| 1 | ગાંધીબાગ– ચોક | 2 | કવિશ્રી જંયત પાઠક ક્રિંડાંગણ સગરામપુરા |
| 3 | સ્નેહ મિલન બાગ – ટીમલીયા વાડ | | |
| | વેસ્ટ | | |
| 4 | નેતાજી સુભષચંદ્રબોઝ ઉધાન–રાંદેર | 5 | મોરારજીભાઈ દેસાઈઉધાન–અડાજણ |
| 6 | જયોતિન્દ્ર દવે ઉધાન–જોગાણી નગર | 7 | સોમેશ્વર મહાદેવ બાગ–પાલ |
| 8 | પંડિત દિનદયાળ ઉપાઘ્યાય ઉધાન રાંદેર | | |
| | સાઉથ વેસ્ટ | | |
| 9 | લેકવ્યુ ગાર્ડન–પીપલોદ | 10 | સિઘ્ધરાજ જયસિંહ સોલકી ઉધાન અલથાણ |
| 11 | જવાહરલાલ નહેરુ ઉધાન અઠવાલાઈન્સ | 12 | મહારાજા અગ્રેસન ઉધાન–સીટી લાઈટ |
| 13 | સરોજીની નાયડુ ઉધાન–ઉમરા | 14 | કવિશ્રી નવલરામ પંડયા ફલોરા પાર્ક, ઉમરા |
| 15 | સ્વામી વિવેકાનંદ ઉધાન–જીવકોરનગર | 16 | ટી.પી.સ્કીમ નં.૨૮ (અલથાણ–ભટાર)ના, ફા.પ્લોટ નં.૩૯, વનિતા રેસીડેન્સી, કેનાલ રોડ, સોહમ સર્કલ પાસે, અલથાણ |
| | સાઉથ | | |
| 17 | ઝાંસી કી રાણી લક્ષ્મીબાઈ ઉધાન ઉધના | 18 | સ્વ. શ્રી નવિનચંદ્ર મફતલાલ ઉધાન – ભેસ્તાન |
| 19 | ઉમીયામાતા ઉધાન,ખરવરનગર | | |
| | ઈસ્ટ | | |
| 20 | મહારાણા પ્રતાપ ઉધાન –વરાછા | 21 | પૃષ્ટિ ઉદ્યાન, – મગોબ |
| 22 | ઝવેરચંદ મેઘાણી ઉધાન – વરાછા | 23 | શહીદ વીર ભગતસીંહ ઉધાન ત્રિકમ નગર |
| 24 | સમર્થ ગીત કવિશ્રી રમેશ પારેખ ઉધાન | | |
| | નોર્થ | | |
| 25 | વીર સાવરકર ઉધાન – કતારગામ | 26 | ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડન–કતારગામ |
| 27 | પ્રેમાનંદ ઉધાન – સીંગણપોર | 28 | કોસાડ લેક ગાર્ડન, કોસાડ |
| 29 | ટી.પી.સ્કીમ નં.૩૫ (કતારગામ), ફા.પ્લોટ નં. આર–૧૨, ગોંવિદજી હોલ પાસે, ડભોલી | | |

TOP

## લિંબાયત ઝોન
## અખબારી યાદી

સુરતઃ– સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીના આદેશાનુસાર, ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) અને એડી.સીટી.ઈજનેરશ્રીની સુચના મુજબ નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા ૩ (ત્રણ) ટીમ બનાવી આજરોજ લિંબાયત વિસ્તારમાં વિવિધ દવાખાનાઓમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમ્યાન (૧) ઉમરવાડા વિસ્તારના માન દરવાજા હળપતિ કોલોની પાસે ડો.ઈશ્વરલાલ વૈદ્ય દવાખાનું ચલાવતા હતા. જેઓનું અવસાન થયા બાદ પણ તેઓના પુત્ર ચંદ્રકાંત ઈશ્વરલાલ વૈદ્ય ડો.ધનસુખ પટેલના નામનું બોર્ડ લગાવી આ દવાખાનું ચલાવતા હોવાનું જણાતા તેઓનું કલીનીક બંધ કરાવવામાં આવેલ. (૨) ગોડાદરા ડબલ ફાટક પાસે પટેલનગર –૮૦ માં ડો. રણજીત મેહીલાલ યાદવ કોઈપણ પ્રકારની ડીગ્રી વગર " રાશી કલીનીક " નામનું દવાખાનું ચલાવતા માલુમ પડયા હતા જેથી તેઓનું કલીનીક સીલ કરવામાં આવેલ. (૩) નવાગામ–ડીંડોલીના પ્લોટ નં.–૦૭,ઉમીયાનગરમાં ડો.ચેતન નારાયણભાઈ પટેલ, ગુજરાતરાજયના રજીસ્ટ્રેશન વગર પ્રેકટીશ કરતા માલુમ પડયા હતા. તેમજ બાયો મેડીકલ વેસ્ટનું યોગ્ય રીતે નિકાલ પણ કરતા ન હતા. આ ત્રણ દવાખાના બંધ કરાવીને, આગળની  કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ રૂા.૭૦૦૦/– (અંકે રૂપિયા સાત હજાર પુરા) વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવ્યા હતા.

તમામ મેડીકલ પ્રેકટીશર્નનો તેઓના ડીગ્રીના પ્રમાણપત્રો, ગુજરાત રાજયના જે–તે કાઉન્સીલના રાજયમાં પ્રેકટીસ કરવા માટેના રજીસ્ટ્રેશનની વિગત તેમજ બાયોમેડીકલ વેસ્ટના રજીસ્ટ્રેશનની વિગત કલીનીકમાં જ રાખવા અને બાયોમેડીકલ વેસ્ટનું યોગ્ય રીતે નિકાલ કરવા માટે અપીલ કરવામાં આવે છે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૨૩.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૫ ફાઈલના રૂા.૧૦.૦૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૫ લોકેશન(ખાડા) ૨૦૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૭ લોકેશન ૨૫૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૬૭ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૮ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૮ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૧૮૬ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૨૮.૩૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૨.૭૦ લાખ થયેલ છે.,૧૨ ભહ તથા ૦૮ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૨૦૭૯/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૪૫ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૪ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૮ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૨ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૧૪.૯૬૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૪ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૨,૨૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૮૪૪ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૬૨૧૫ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૭૦ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૧૩૧ કરવામાં આવેલ છે. જયારે ૨૪ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૧૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ
નોર્થ ઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૯૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૨૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૧૯૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૭૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૬૧૬ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૬૫,૮૨,૫૭૧/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૪૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૬ એન્ટ્રીમાં રૂા.૫૨,૫૦૦/– અને આર.સી.ની ૧૬ એન્ટ્રીમાં રૂા.૪૧,૫૭૦/– મળી કુલ રૂા.૯૪,૦૭૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૪૦/–, રીન્યુઅલની ૦૧ એન્ટ્રીમાં રૂા.૬૦/– અને દંડની રકમની ૦૧ એન્ટ્રીમાં રૂા.૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૩ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૪ ફાઈલોના રૂા.૬,૭૪,૭૭૩/– ની વસુલાત કરવામાં આવી.જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૩૬,૧૯૦/–, હોડીંગ્સ ટેક્ષના રૂા.૬૩,૨૭૪/–, દબાણ ચાર્જના રૂા.૪,૭૫૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨,૦૦૦/– મળી કુલ રૂા.૧,૦૬,૨૧૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

**(૧) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૨, નોંધ નં.૪૨૩૦/એ તથા ૪૨૩૦/બી વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૯/૦૫/૧૪ ના રોજ વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારા શ્રી રાકેશભાઈ કંચનલાલ અજમેરી તથા હિરેનભાઈ સુરેશચંદ્ર અજમેરી ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરતાં માળ વધારાનું બાંધકામ અત્રેથી અગાઉ તા.૧૮/૦૨/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ. હાલ ભોંયતળીયે પાર્કીંગ કવર્ડ કરી આશરે ૧૧૦૦ ચો.ફુટ વિસ્તારમાં પાર્કીંગની જગ્યામાં કરવામાં આવેલ દિવાલો સહિતનું બાંધકામ તા.૨૦/૦૭/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.**

**(૨) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૧૨, નોંધ નં.૨૫૨૯, ૨૫૩૦ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૫/૦૩/૧૪ ના રોજ વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારા શ્રી અંકિત પ્રજાપતિ તથા અન્યો ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ વધારાના માળનું ગેરકાયદેસર બાંધકામ કરતાં આશરે ૪૫૦ ચો.ફુટ વિસ્તારમાં કરેલ આર.સી.સી. સ્લેબ તથા આશરે ૪૦૦ ચો.ફુટ વિસ્તારમાં કરેલ ચણતરની દિવાલ સહિતનું બાંધકામ તા.૨૩/૦૭/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.**

TOP

## સાઉથ ઝોન (ઉધના)

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં મા.કમિશ્નરશ્રી તથા સાઉથ ઝોનનાં વડા અને એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ) તથા ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પી.) ના માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન (ઉધના)ખાતે " સ્વચ્છ ભારત અભિયાન " અંર્તગત તા.૨૩/૦૭/૨૦૧૫ ના રોજ સવારે ૯:૦૦ થી ૧:૦૦ દરમ્યાન્ યઘત્ભન્ચબ્ત્ભ જભ્બત્ઝિ ઢ ભઘન્ઘભ્ભ્ચ્ઘ- બ'ત્ઃઘ .બ્ઘૃ અભિયાન હેઠળ નચ઼ઃગઉ બ'ત્ન–ત્થ કરવાનું નકકી કરેલ બમરોલી વોર્ડ ઓફિસના કાર્યક્ષેત્રમાં (૧) પિયુષ પોઈન્ટ થી હેડગેવાર બ્રીજ સુધી(૨) હેડગેવાર બ્રીજ થી પિયુષ પોઈન્ટ સુધી આરોગ્ય અને ફુડ વિભાગ, ઈજનેરી વિભાગ, ગુમાસ્તા વિભાગ, આકારણી તથા જમીન મિલ્કત વિભાગ, ગાર્ડન વિભાગ, લાઈટ વિભાગ ના સ્ટાફ દ્વારા સંયુકતપણે ધનિષ્ટ સફાઈ તથા સંલગ્ન કામગીરી હાથ ધરવામાં આવેલ.

સદર અભિયાન દરમ્યિાન ઝોનના વડાશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી, આસી.કમિશ્નરશ્રી, નાયબ આરોગ્ય અધિકારી, ડે.ઈજનેર, મુખ્ય આરોગ્ય નિરીક્ષક, તથા આરોગ્ય વિભાગ અને ઈજનેરી વિભાગના કર્મચારીઓએ હાજર રહી આશરે ૧૦૦ કામદારો પાસે સીધી દેખરેખ હેઠળ ૩ ધાર્મિક સ્થળોની આસપાસ તેમજ સદર વિસ્તારમાં સાફ–સફાઈ કરાવી ૧૨ મે.ટન કચરાનો નિકાલ કરાવેલ છે. અને ૪૦૦ કિ.ગ્રામ જંતુનાશક દવાનો છંટકાવ કરાવેલ છે. અભિયાન દરમ્યાન લારી / ગલ્લા હોટેલ રેસ્ટોરન્ટ ચેક કરી ૧૫ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થનો નાસ કરાવી ૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરેલ છે. અને કસુરવાર ૨૦ ઈસમો પાસે થી રૂા.૬૯૦૦/– વહીવટી ખર્ચ પેટે વસુલ કરેલ છે. વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૬૬૧ ઘરોનો ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે કરી મળેલ ૦૭ બ્રીડીંગ સ્પોટનો નાશ કરેલ તથા ૪૮ સ્લાઈડ કલેકશન કરી, ૨૦૬ રહેણાંક ઘરોની પાણી ટાંકી ચેક કરવામાં આવેલ. જંતુનાશક દવાનો છંટકાવ કરી મચ્છરની ઉત્તપતિ અટકાવી, પાણીજન્ય તથા વાહકજન્ય રોગો વિશે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે. વધુમાં ફુડ સેફટી ઓફિસર ધ્વારા (૧) તિરૂપતી ટ્રેર્ડસ, પ્લોટ નં.૪૨ આર્શીવાદ ટાઉનશીપ માંથી શકિત બ્રાન્ડ જીરાનું સેમ્પલ તેમજ (૨) ઉમીયા કીરાણા એન્ડ જનરલ સ્ટોર, પ્લોટ નં.૧૨૭ ન્યુ હરીધામ સોસાયટી, માંથી તલનું સેમ્પલ લીધેલ છે.

ઈજનેરી વિભાગ ધ્વારા ૧૮૦૦ સ્કર્વેર મીટર સ્ક્રેપીંગ કરાવવી ૮ મે.ટન માટી મીશ્રીત કચરાનો નિકાલ કરાવેલ છે. ૨૦ મેન હોલ ની સફાઈ કરાવી, સ્ટ્રોમ જાળીયા –૦૩ તથા ૨૫ સ્વેરફીટ ફુટપાથ રીપેરીંગ કરવામાં આવેલ છે. દબાણ વિભાગ દ્વારા – ૦૭ માર્જીન શેડ દૂર કરવામાં આવેલ. તથા ફુટપાથી રોડ પરના ૦૫ જગ્યાએ રેમ્પ દૂર કરાવેલ છે. તથા ૦૭ સ્ટીલનાં દાદર દુર કરવામાં આવેલ તેમજ ૦૨ જગ્યાએ ફુટપાથ પર આર.સી.સી. પગથીયા દુર કરવામાં આવેલ છે.

ગાર્ડન વિભાગ ધ્વારા ભય જનક વૃક્ષ ૧૨ નું ટ્રીમીંગ કરવામાં આવેલ છે.તથા રૂટનાં ડીવાઈડરમાં બોગનવેલ–૧૦૫ નું પ્લાનટેશન કરવામાં આવેલ. તથા વૃક્ષોની ડાળી,ડાળખાનું ટ્રેકટરનાં –૦૪ ફેરા ધ્વારા નિકાલ કરાવેલ છે.

લાઈટ વિભાગ ધ્વારા જંકશન બોક્ષ ૩ બંધ કરી, ફીટીંગ કવર – ૧૫ સાફ કરેલ. તથા ઓપન વાયર અને ટર્મીનેશન વ્યવસ્થીત કરેલ છે.

ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા ૨૦ સંસ્થાઓ ચેક કરી ૧૨ ને નોટીસ આપવવામાં આવેલ તેમજ વ્યવસાયવેરા હેઠળ ૩૧ સંસ્થા ચેક કરી ૦૮ સંસ્થાને નોટીસ આપેલ છે. અને કુલ–૦૪ ઈ.સી તથા ૦૨ આર.સી ની વસુલાત રૂા.૧૩,૦૦૦/– કરવામાં આવેલ છે. જમિન મિલ્કત વિભાગ ધ્વારા ટી.પી.–૦૨ એફ.પી.–૯૪ માં કુલ–૧૧ ઈસમો પાસે થી આવાસ ભાડા પેટે રૂા.૩૭,૦૦૦/– ની વસુલાત સ્થળ પર કરવામાં આવેલ છે. આકારણી વિભાગ ધ્વારા વોર્ડ નં.૨૭. ડી, ૨૭.ઈ તથા ૩૧.સી માં ડોર ટું ડોર સર્વે કરી બાકી વેરા માટેની ઝુંબેશ દરમ્યાન સ્થળ ઉપર ૨૦ જેટલા કરદાતાઓ પાસેથી રૂા.૨,૦૦,૦૦૦/– જેટલી રકમ વસુલ કરવામાં આવેલ અને બાકી વેરા પેટે રૂા.૫૦,૦૦૦/– એડવાન્સ ચેંકની વસુલાત થયેલ છે. તેમજ બાકી કરદાતાઓને લેખિત નોટીસ આપવામાં આવેલ છે.

TOP

–: પ્રેસનોટ :–

## સૂર્યપુત્રી તાપી જન્મજયંતિ ઉજવણી

ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે આ પંક્તિમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહયું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન, અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. તેવી ધરતી પરની સૌથી પૌરાણિક અને સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ તા.૨૩/૦૭/૨૦૧૫ને ગુરૂવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત સરકારના દંડકશ્રી અજયભાઈ ચોકસી,ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,સ્થાયી સમિતિ ચેરમેનશ્રી નિરવભાઈ શાહ, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત નગરજનોના સાનિધ્યમાં શહેર માટે કલ્યાણકારી ભવિષ્યની વાંચ્છના સાથે દીપ પ્રગટાવી પૂજા અર્ચના કરી હતી.





ડીપાર્ટમેન્ટ ઓફ ઇન્ટરનેશનલ ટ્રેડ પ્રમોશન (DITP), મીનીસ્ટ્રી ઓફ કોમર્સ, થાઈલેન્ડ દ્વારા થાઈલેન્ડ દેશના સુરતથાની પ્રાંતના ૧૦૦ વર્ષની ઉજવણીનાભાગરૂપ "SOUTHERN INTERNATIONAL TRADE EXPO" નું તા. ૨૩ થી ૨૬ જુલાઈ ૨૦૧૫ દરમિયાન આયોજન કરવામાં આવેલ છે. જેમાં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાની અધ્યક્ષતામાં સુરત શહેરનું પ્રતિનિધિમંડળ પણ પ્રદર્શનમાં ભાગ લેવા થાઈલેન્ડ ગયેલ છે. આજરોજ મા.મેયરશ્રી તથા પ્રતિનિધિમંડળે થાઈલેન્ડના પ્રતિનિધિઓના સથવારે સુરતથાની પ્રાંતમાંથી પસાર થતી તાપી નદીની પૂજા અર્ચના કરી હતી.

સુરતથાની પ્રાંતના રાજા **King Vajiravudh (Rama VI)** દ્વારા તેઓની સુરત શહેરની મુલાકાત બાદ સુરત શહેરની પ્રગતિ અને વિકાસથી પ્રભાવિત થઇને તેઓનાપ્રાંતને તા. ૨૯.૦૭.૧૯૧૫ના રોજ સુરતથાની નામ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત સુરતથાની પ્રાંતના રાજા **King Vajiravudh (Rama VI)** દ્વારા સુરતથાની પ્રાંત માંથી પસાર થતી નદીને પણ તાપી નદી નામ આપવામાં આવ્યું હતું.

TOP

## પ્રેસનોટ

ઉધના ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ શહેર વિકાસના કામમાં નડતરરૂપ ક્રાંતિનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૨૮ લાભાર્થીઓને વડોદ રે.સ.નં. ૧૨ ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વઘદગચોઢખકગ. યોજના અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૩/૦૭/૨૦૧૫ ના રોજ સાંજે ૦૪.૩૦ કલાકે ઉધના ઝોન ,દબાણ ડેપો ખાતે મ્યુ. ઉધના ઝોનના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

TOP

**-: પ્રેસનોટ :-**

## સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા

અલુણાવ્રત્ત ઉજવણી નિમિત્તે પ્રતિવર્ષ સુરત મહાનગરપાલિકા દ્વારા **તા.૨૮/૦૭/૨૦૧૫**ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે **પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધા**, બપોરે ૩.૦૦ કલાકે **માધ્યમિક વિભાગની મહેંદી** સ્પર્ધા અને તા.**૨૯/૦૭/૨૦૧૫**ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે **ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા** નાના **વરાછા ગામતળ નગર પ્રાથમિક શાળા પાસે આવેલ સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, નાના વરાછા, સુરત ખાતે** તથા **તા.૩૦/૦૭/૨૦૧૫**ના રોજ સવારે ૯.૦૦ કલાકે **ગોરમાગીત** સ્પર્ધાનું આયોજન **સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત** ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધાઓમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

સમાચાર યાદી નં. 616
તા.૨૪/૦૭/૨૦૧૫
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

Mahendi-15

TOP

## ::પ્રેસનોટ::

કારગીલની ઊંચી પહાડીઓમાં વિષમ પરિસ્થિતિમાં ભારતીય જવાનોએ ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના દિવસે "ઓપરેશન વિજય" પાર પાડીને કારગીલની બધી ચોકી પર ભારતીય ત્રિરંગો ફરકાવ્યો ત્યારથી કારગીલ વિજયને 'વિજય દિવસ' તરીકે મનાવવામાં આવે છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા કારગીલ વિજય દિન નિમિત્તે તા.૨૬/૦૭/૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે કારગીલ વિજય દિવસ સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ "કારગીલ ચોક", લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેમાં જાહેર જનતાને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

સમાચારયાદી નં. 617
તા.૨૪/૦૭/૨૦૧૫
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

TOP

## સ્મીમેર

## પ્રેસનોટ

સ્મીમેર હોસ્પીટલમાં તા.૧૭/૦૭/૨૦૧૫ થી તા.૨૩/૦૭/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૧૧૫૧૨ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી. ૧૧૮૭ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૩૯૫ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૪૫ દર્દીઓને સારવાર આપવામાં આવી.

ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૪૧ સ્ત્રીઓની પ્રસૃતિ કરાવવામાં આવી.

સ્મીમેર હોસ્પીટલમાં ૧૪૮ મેજર ઓપરેશનો તથા ૩૬૬ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.

રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૩૦૫૭, સોનોગ્રાફી ૬૫૫, એમ.આર.આઈ. ૧૩૨ તથા સીટી સ્કેન ૧૧૪ કરવામાં આવેલ છે.

ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૩૬ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૩૫૦ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.

સ્મીમેરની લેબોરેટરીમાં ૩૦૧૯૮ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.

જુના ૧૭૦ દર્દીઓ તથા નવા ૪૭ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે અનુસ્નાતક અભ્યાસ કરતા ૧૫૦ વિદ્યાર્થીઓને વિવિધ વિષયો જેવા કે, ડોકટર અને દર્દીના સંબંધો, વાતચીતના કૌશલ્યો, સામાન્ય સારવાર ઉપરાંત દર્દી તથા સગાને કઈ રીતે આશ્વાસન / હિમ્મત / માર્ગદર્શન આપી શકાય, એમ.ડી. કે એમ.એસ. તરીકે જે તે વિષયના પોતાના વિષય વસ્તુના જ્ઞાન સાથે દર્દી જોડે ઉમડા સંબંધ કેળવી શકે જેનાથી સગાઓના સંતોષમાં વધારો થાય તે માટે સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. સ્ટ્રેસ મેનેજમેન્ટની સાથે ધ્યાન, યોગ ક્રિયા પણ શિખવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

**:: પ્રેસનોટ ::**

## <u>સુરત મહાનગરપાલિકા આયોજીત ચિત્રકામ અને વેશભૂષા હરિફાઈ</u>

ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્ય દિનઃ૧૫મી ઓગષ્ટ–૨૦૧૫ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭/૦૮/૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માધ્યમિક વિભાગની ચિત્રકામ સ્પર્ધા અને બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વેશભૂષા હરિફાઈ તથા દેશભકિત અને લોકસંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્કુટિનીનું આયોજન બપોરે ૩:૦૦ કલાકે ખટોદરા કોમ્યુનિટી હોલ, ખટોદરા હેલ્થ સેન્ટરની સામે, ચોસઠ જોગણીમાતાના મંદિર પાસે, નવજીવન હુન્ડાઈ રોડ, ખટોદરા, સુરત ખાતે કરવામાં આવેલ છે. ચિત્રકામ સ્પર્ધામાં ઉધના ઝોન વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અને વેશભૂષા હરિફાઈમાં ઉધના ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાના ધોરણ ૪ થી ૮ના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. જયારે સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્કૃીટનીમાં ફકત ઉધના ઝોન વિસ્તારની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ જ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, ગ્રાઉન્ડ ફોલર, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૦ થી ૫૬–EXT : 245) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **<u>પ્રવેશપત્રો</u>** તા.૦૫/૦૮/૨૦૧૫ સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે.

સમાચારયાદી નં. **619** :
તા.૨૪.૦૭ .૨૦૧૫
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

15 AUGST-14

TOP

પ્રેસનોટ

સાઉથઝોન(ઉધના)

સુરત મહાનગરપાલિકા

તા.૨૪.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૪ ફાઈલના રૂા.૪.૨૮ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૪ લોકેશન(ખાડા) ૩૦૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૭ લોકેશન ૩૧૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૪૭ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૩૧ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૯ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૧૭૫ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૨૯.૨૭ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૩.૬૦ લાખ થયેલ છે.,૧૬ ભહ તથા ૧૦ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૨૪૫/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૭ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૭ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૪ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૩ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૨૦.૨૯૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૮ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૩૫૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૬૮૫ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૫૪૦૩ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૯૭ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૯૬૨ કરવામાં આવેલ છે. જયારે ૩૯ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૧૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા

**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૧૮/૭/૨૦૧૫ થી તા.૨૪/૭/૨૦૧૫ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથઝોન (ઉધના), વેસ્ટઝોન, તથા સાઉથ વેસ્ટઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૩૫,૭૭૨/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૩૩,૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૨૮૭.૫૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૮૫.૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ– ૬૫ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૫૦,૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ–૯૦(એ)(૧) મુજબ ૦૬ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૩૨,૦૬૪/– અને ૧૦,૬૦૮/– મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૪,૩૮,૭૨૦/– અને રૂા.૪,૨૦,૩૧૦/– રકમ મળી કુલ રકમ રૂા.૮,૫૯,૦૩૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

TOP

પ્રેસનોટ

નોર્થ ઝોન (કતારગામ)

સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૯૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૫૧૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૮૮૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૪૯૬ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૫૧,૪૯,૭૭૩/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૫૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૮ એન્ટ્રીમાં રૂા.૪૧,૪૮૭/– અને આર.સી.ની ૩૨ એન્ટ્રીમાં રૂા.૧,૦૯,૯૨૨/– મળી કુલ રૂા.૧,૫૧,૪૦૯/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૮૦/–, રીન્યુઅલની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૮૦/– અને દંડની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૧ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૨૮૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૦૯ ફાઈલોના રૂા.૧,૩૩,૨૦૩/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૪૮,૬૨૦/–, મિલ્કત ભાડાના રૂા.૧,૪૨૫/–, દબાણ ચાર્જના રૂા.૭,૦૩૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૪૫૦/– મળી કુલ રૂા.૫૭,૫૨૫/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૪ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## લિંબાયત ઝોન
## અખબારી યાદી

સુરતઃ– માન.કમિશ્નરશ્રીની મળેલ સુચના મુજબ આજ તા.૨૪/૦૭/૨૦૧૫ ના રોજ લિંબાયત ઝોનમાં આવેલ ઉમરવાડા વોર્ડ વિસ્તારમાં આરોગ્ય –ઈજનેરી વિભાગની કુલ–૦૭ સંયુકત ટીમો બનાવી ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી એડી.સીટી ઈજનેર (સીવીલ) શ્રી જે.કે.શાહના સીધા માર્ગદર્શન હેઠળ, કાર્યપાલક ઈજનેરશ્રી રાજેશ. સી. જરીવાલા, આસી.કમિશ્નરશ્રી ગાયત્રી આર.જરીવાલાની આગેવાની હેઠળ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી, આસી. જંતુનાશક અધિકારી, ડે.ઈજનેર, મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જુ./આસી.ઈજનેર, તેમજ સુપરવાઈઝર સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ તથા સફાઈ કામદાર/ બેલદાર દ્વારા કરવામાં આવેલ હતી.

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન કચેરીનાં તાબા હેઠળનાં "ઉમરવાડા" ટી.પી.સ્કીમ નં.–૦૭ આંજણા માનદરવાજા ખાતે બિલેશ્વર મંદિરથી રેલરાહત કોલોની નવો રોડ થઈ ખ્વાજા નગર ખાડી, બાખડ મહોલ્લો સુધિના વિસ્તારમાં દબાણ / શહેર વિકાસ વિભાગ દ્વારા દબાણ હટાવવાની કામગીરી સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સદરહું વિસ્તારમાં માથાભારે તત્વો દ્વારા અડીંગો જમાવી આશરે ૮ થી ૧૦ કાચાપાકા ઝુપડા બનાવી જાહેર ટ્રાફીકને અડચણરૂપ દબાણ કરવામાં આવેલ તેમજ ટેમ્પા,લારીઓ,જુનો કાટમાળ, ટાયરો,ફર્નિચર,વિગેરેનો ભંગાર મુકી મોટા ભાગનો રસ્તો રોકી રાખવામાં આવેલ જેને કારણે સતત ટ્રાફીકથી ધમધમતા વિસ્તારમાં આ પ્રકારે રાતોરાત દબાણો ઉભા કરી તેમાં ધંધાકીય પ્રવૃત્તિઓ અને ગેરકાયદેસર વસવાટ ઉભા કરી દબાણ કરવાથી લોકોને ભારે હાલાકી ભોગવી પડતી હતી. તેમજ સદર રસ્તા ઉપર મેલડીમાતાના મંદીરને લાગુ ઝુંપડુ બનાવી તેમા જુના ટાયરનો સ્ટોક કરી ગોડાઉન ઉભું કરવામાં આવેલ. જે દબાણ દુર કરવા બાબતે ઝોન દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા શરૂઆતમાં ગોડાઉનના માલિકો તથા સ્થાનિક ટપોરીઓ દ્વારા ભારે વિરોધ દાખવવામાં આવેલ પરંતુ સુરત મહાનગરપાલિકા દ્વારા કડક વલણ અખ્ત્યાર કરી જુના ટાયરનું ગોડાઉન જમીનદોસ્ત કરી સ્થળ ઉપરજ વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. અને આમ આજ રોજ ખાસ ઝુંબેશ હાથ ધરી ઈજનેર તેમજ આરોગ્ય વિભાગની ટીમો બનાવી માનદરવાજા ખાતેથી બિલશ્વર મંદીરથી રેલરહાત કોલોની નવો રોડ વિસ્તારમાં દબાણ કરેલ ઝુંપડાઓ, ૧૦ થી વધુ લારીઓ, ત્રણ ટ્રક ભરેલા ટાયરો તથા કબાટ,ખુર્શી,વિગેરનું ફર્નિચર જપ્ત કરી રસ્તો ખુલ્લો કરી દેવામાં આવેલ છે વધુમાં સદર વિસ્તારમાં વર્ષોથી જુના ભંગાર વાહનો રસ્તાપર પાર્ક કરી પાર્ક કર્યા હોવા બાબતની ફરીયાદ મળતા ટ્રાફીક પોલીસની મદદ દ્વારા ક્રેઈનથી વાન– ૦૧ (નવઢ×ઢટ×ક્ષ), અલ્ટો ગાડી–૦૧ (નવઢ×ઘઢબઢટઠ×ક્ષ), વેગનઆર– ગાડી–૦૧ (નવઢક્ષઠઢબઢણટ૫) તેમજ ૦૮ થ્રી–વ્હીલ ટેમ્પા કબ્જે કરી દંડ પેટે સ્થળ ઉપરજ રૂા.૪૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ. સદરહું દબાણ ખસેડવાની ઝુંબેશ અંતર્ગત કુલ્લે– ૪૦ હજાર ચો.ફુટથી વધુ જાહેર રસ્તો ખુલ્લો કરવામાં આવતા જાહેર જનતાને ટ્રાફીકમાં રાહત થયેલ.

જેમાં ઉપરોકત વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા કુલ –૫૭ ખાણીપીણીનો વેપાર કરતી સંસ્થા/ લારી ગલ્લા સંખ્યા ચેક કરી, ૧૯ નોટીસ આપી, ૨૭ કિલોગ્રામ અખાધ પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. દરમ્યાન જાહેરમાં ન્યુસન્સ કરતી–૩૧ સંસ્થા / ઈસમો પાસે રૂા.૪૦,૨૦૦/– વહીવટીચાર્જ વસુલ કરવામાં આવેલ છે. તેમજ વિસ્તારના મુખ્યમાર્ગો, સ્લમ વિસ્તારો તથા સોસાયટીમાં ઘનિષ્ઠ સાફ– સફાઈ ઝુંબેશ હાથ ઘરી કચરો/કચરા મિશ્રીત માટીના ઢગલા ઉપાડી કુલ–૮૦.૬૧૦ મે.ટન. કચરાનો નિકાલ કરાવ્યા બાદ મોટા જથ્થામાં ૯૭૦ કિ.ગ્રા. ચુનાની ફાંક, ૧૫૦ કિ.ગ્રા. મેલેથીયોન તથા જંતુનાશક દવા/ પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ છે. ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા કુલ–૦૪ સંસ્થાની નોંધણી કરી, રૂા.૭૦,૦૦૦/– નો પ્રોફેશનલ ટેક્ષ તથા ૦૫ ઈસમો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫૦૦/– વસુલ કરવામાં આવ્યો હતો.આકારણી વિભાગના સ્ટાફ દ્વારા લાંબા સાયથી બાકી વેરાની વસુલાતની સઘન ઝુંબેશમાં કુલ–૨૪ મિલકતદારો પાસેથી રૂા.૬૪,૦૦૦/– ની વસુલાત કરવામાં આવી હતી.

TOP

આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગયુ જેવા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન–જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ઉપરોકત સ્થળના– ૯૪૦ ઘરોમાં સર્વે કરી મળેલ ૨૦ બ્રિડીંગોનો નાશ કરેલ તેમજ ૨૪ નોટીસ આપી તથા ૧૩૨૭ નકામા કન્ટેનરોનો નિકાલ કરાવી કુલ ૦૫ ઈસમો પાસે રૂા.૨૦,૧૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

સમગ્ર કામગીરીમાં આરોગ્ય વિભાગનો સ્ટાફ, ૦૩ ડે.ઈજનેર, શહેરી વિકાસ વિભાગ ૦૬ આસી.ઈજનેરો, રોડ વિભાગના ટેકનીકલ સ્ટાફ તેમજ સેન્ટ્રલ ઝોન દબાણનો સ્ટાફ તેમજ ટ્રક–૦૪, જે.સી.બી. મશીન–૦૩ અને આશરે ૩૫ થી વધુ ખાનગી એજન્સીના માણસો તથા દબાણ વિભાગના માણસો રોકાયેલ.

આમ આ અભિયાન દરમ્યાન આરોગ્યલક્ષી– ૨૪ નોટીસ આપી, કુલ ૩૮ ઈસમો પાસે રૂા.૮૦,૨૦૦/– નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો હતો.

TOP

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

## તા. ૨૪/૦૭/ ૨૦૧૫

## પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસની સાથોસાથ ટ્રાફિક અને પાર્કીંગની ગંભીર સમસ્યાઓ ઉદ્દભવેલ છે. આ સમસ્યાઓમાંથી મહદ્ અંશ બહાર આવી શકાય તે હેતુથી મ્યુ.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં લંબેહનુમાન રોડ પર રેલ્વે ગરનાળાથી રચના સર્કલ થઈ કપોદ્રા સ્પીનીંગ મીલ સુધીના રસ્તાની બંને બાજુએ પાછલા બે (૨) દિન માં આશરે ૫૦ જેટલી મિલકતો, દુકાનો/શોપીંગ સેન્ટરો/મકાનો દ્વારા રસ્તા /ફુટપાથ, માર્જીન તથા પાર્કીંગવાળા ભાગમાં ગેરકાયદેસર રીતે દબાણો ઉભા કરી બાંધેલ ઓટલાઓ, દાદર, ફેબ્રીકેશન શેડ, દિવાલો, ગ્રીલ, કેબીનો, બોર્ડ–બેનરો વિગેરે તોડીને આશરે ૧૫૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. કામગીરી મોડી સાંજ સુધી ચાલુ રાખવામાં આવનાર છે તથા આગામી દિવસોમાં પણ વરાછા ઝોનના આ વિસ્તારની સાથોસાથ અન્ય વિસ્તારોને પણ તબકકાવાર આવરી લેવામાં આવશે. આ કામગીરી દરમ્યાન સ્થાનીક લોકોનો પૂરતો સહકાર મળી રહેલ તેમજ હાલ પર્યંત કોઈ ગંભીર સમસ્યા ઉદ્દભવેલ નથી.

ઉકત કામગીરી એડી.સીટી. ઈજનેરશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન અને રાહબરી હેઠળ વરાછા તથા કપાદ્રા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ તથા સિકયુરીટી સ્ટાફ ની મદદથી અત્રેના પૂર્વઝોનના ઈજનેરી સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

ઉધના ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ શહેર વિકાસના કામમાં નડતરરૂપ ક્રાંતિનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૨૮ લાભાર્થીઓને વડોદ રે.સ.નં. ૧૨ ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વદ્યદગચોઢખકગ. યોજના અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૩/૦૭/૨૦૧૫ ના રોજ સાંજે ૦૪.૩૦ કલાકે ઉધના ઝોન ,દબાણ ડેપો ખાતે મ્યુ. ઉધના ઝોનના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

TOP

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં આવેલ ૪૫.૭૨ મી. પહોળાઈના રાંદેર મેઈન રોડ પર તા.૧૬/૦૭/૨૦૧૫ના રોજ ટી.પી.સ્કીમ નં.૩૦(રાંદેર), ફા.પ્લોટ નં.૦૮ અને ફા.પ્લોટ નં.૦૭ની વચ્ચેના, મોરાભાગળ ચાર રસ્તા પાસેના રસ્તાની બંને સાઈડ રોડ પર બી.આર.ટી.એસ.રૂટમાં નડતર રૂપ ઓટલાનું બાંધકામ દૂર કરી રસ્તાનો પ્રત્યક્ષ કબ્જો લેવાની કામગીરી તા.૧૬/૦૭/૨૦૧૫ના રોજ સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)ના શહેરી વિકાસ વિભાગના દબાણ ખાતાના સ્ટાફ ધ્વારા દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ કામગીરી એડી.સીટી ઈજનેરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણના સ્ટાફ દ્વારા સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## એફોર્ડેબલ હાઉસીંગ સેલ
## પ્રેસ નોટ

**સુરત મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસીંગ સેલનું નવું સરનામું**

**મુખ્યમંત્રીશ્રી ગૃહ યોજના હેઠળના લાભાર્થીઓને જાણ કરવામાં આવે છે કે હાલ સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની મુખ્ય કચેરીમાં આવેલ ગાંધી ખંડ તથા રૂમ નં.૪૪ માં કાર્યરત એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરી હવેથી યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર અને ત્રીજો માળ, વરીયાવી બજાર પોલીસ ચોકી સામેની ગલીમાં, ધાસ્તીપુરા, સુરત ખાતે ખસેડવામાં આવેલ હોય, તા.૨૭/૦૭/૨૦૧૫ ને સોમવારથી સદર નવી જગ્યાએ એફોર્ડેબલ હાઉસીંગ સેલની કામગીરી શરૂ થશે. મુખ્યમંત્રીશ્રી ગૃહ યોજના હેઠળ લાભાર્થીઓએ પુરાવા આપવા, હપ્તા ભરવા તેમજ આવાસને લગતી અન્ય કામગીરી માટે નીચે જણાવેલ સરનામાવાળી કચેરીએ સંપર્ક કરવાનો રહેશે.**

**નવી ઓફિસનું સરનામું**

**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**
**યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,**
**ગ્રાઉન્ડ ફલોર તથા ત્રીજો માળ,**
**વરીયાવી બજાર પોલીસ ચોકી સામેની ગલીમાં,**
**ધાસ્તીપુરા, સુરત**

**સમય : ૧૦:૩૦ થી ૦૨:૩૦**
**૦૩:૦૦ થી ૦૬:૧૦**
**(જાહેર રજા સિવાય)**

TOP

## –:: પ્રેસનોટ ::–

તા.૨૪.૦૭.૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|
| **સેન્ટ્રલ** | ૭૪ | ૩૮ | ૫૫ | ૭૬૦૦ |
| **વરાછા** | ૫૪ | ૫૪ | ૨૩૮ | ૧૦૮૦૦ |
| **રાંદેર** | ૨૫ | ૨૫ | ૬૮ | ૫૦૦૦ |
| **કતારગામ** | ૪૫ | ૪૫ | ૧૩૧ | ૭૪૦૦ |
| **ઉધના** | ૩૨ | ૨૦ | ૭૨ | ૪૦૦૦ |
| **લિંબાયત** | ૫૩ | ૨૭ | ૨૮૬ | ૫૪૦૦ |
| **અઠવા** | ૩૨ | ૨૧ | ૪૦૨ | ૪૨૦૦ |
| કુલ | ૩૧૫ | ૨૩૦ | ૧૨૫૨ | ૪૪૪૦૦ |

TOP

# પ્રેસનોટ

ભારતના માનનીય વડાપ્રધાનશ્રી ધ્વારા કરવામાં આવેલ ચાઈનાની મુલાકાત દરમ્યાન ત્યાંની વર્લ્ડબેસ્ટ કંપનીઓને ભારતના વિકાસમાં ભાગ લેવા આમંત્રિત કરેલ. જે અન્વયે "મેક ઈન ઈન્ડિયા" યોજના હેઠળ ચાઈનાની "મીનીમેટલ કંપની" (સેન્ટ્રલ ગર્વમેન્ટ ઓફ ચાઈના), તથા બ્રોડ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ કંપનીઓના ૯ પ્રતિનિધીઓશ્રી સિ યુંગંગ, લિ બીન, ઝુ કેન્ગયાંગ, ઝિઓ ફુબિંગ, વુ હાઓ, ઝાઓ ઝિયાંગ, ચેન મેંગ, લિ શુઆઈ, યોગેશ કુમાર ગુજરાતની મુલાકાતે આવેલ. સદર કંપનીઓના ડેલીગેટસે સુરતમાં પધારી વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી.

આજ રોજ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના નવા સ્થાયી સમિતિરૂમમાં મા.કમીશનરશ્રી.મીલીન્દ તોરવણેની અધ્યક્ષતામાં મીટીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચાઈનાની "મીનીમેટલ કંપની" (સેન્ટ્રલ ગર્વમેન્ટ ઓફ ચાઈના) ના પ્રતિનિધિઓએ બાંધકામક્ષેત્રે કરવામાં આવતી કામગીરી અંગેનું પ્રેઝન્ટેશન રજુ કરેલ.

"મીનીમેટલ કંપની" (સેન્ટ્રલ ગર્વમેન્ટ ઓફ ચાઈના) અંદાજે ૧,૭૧,૦૦૦ વકર્સ કામ કરે છે. આ કંપની વર્લ્ડની ફોરચ્યુન ૫૦૦ કંપનીમાં ૧૩૩મું સ્થાન ધરાવે છે. આ કંપની ધ્વારા ૧૩૮૭ કી.મી. લાંબો રેલ્વે બ્રીજ સાંધાઈથી બેઈજીંગ સુધીનો ૨૫ મહિનામાં તૈયાર કરવામાં આવેલ છે. આ બ્રીજ ઉપર દોડતી રેલ્વે ૪૦૦ કી.મી. પ્રતિ કલાક ઝડપે દોડે છે. આ રેલ્વે માર્ગમાં ૨૨ ટનલો આવેલ છે. આ કંપની ધ્વારા આવા ૨૩ બ્રીજ બનાવવામાં આવેલ છે.

ચાઈનાની બીજી કંપની બ્રોડ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ છે. જેનો વિસ્તાર આશરે ત્રણ કી.મી.માં પથરાયેલ છે. આ કંપની ધ્વારા ચાઈનામાં ૨૭ બિલ્ડીગો બનાવવામાં આવેલ છે. આ કંપની એક દિવસમાં ત્રણ માળ સુધીનું બાંધકામ કરી શકે છે તથા પંદર દિવસમાં આખુ હાઈરાઈઝ બિલ્ડીગ તૈયાર કરી શકે છે. આ બાંધકામ એફિલ ટાવર મુજબની ટેકનોલોજીથી કરવામાં આવે છે. આ બિલ્ડીગમાં વધારે સુપર બિલ્ડઅપ એરીયા મળે છે તથા વર્લ્ડબેસ્ટ ફાયર સેફટી પણ મળે છે. તથા પ્રેઝન્ટેશનમાં જણાવ્યુ હતું કે આ પ્રકારના બાંધકામોથી ગ્રીન સીટી તેમજ ઝીરો પોલ્યુશનનો કન્સેપ્ટ પરિપૂર્ણ થાય છે.

આ પ્રેઝન્ટેશનમાં મા. શાસકપક્ષ નેતાશ્રી,કિશોરભાઈ બિન્દલ દંડકશ્રી મનોજભાઈ લોટવાલા, સ્થાયી સમિતિ માજી અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, સદસ્યશ્રી પ્રવિણભાઈ પટેલ, સદસ્યશ્રી મુલજીભાઈ ઠકકર, સદસ્યશ્રી અરવિંદભાઈ ગોયાણી, સુરત મહાનગરપાલિકાના વિવિધ ખાતાના અધિકારીશ્રીઓ, તથા પત્રકારશ્રીઓ હાજર રહયા હતા.

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી:–૬૨૯
તા.૨૫/૦૭/૨૦૧૫
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

TOP






## કારગીલ વિજય દિન અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન

કારગીલની ઉંચી પહાડીઓમાં માણસનું હાડ થિજાવી દે તેવી વિષમ પરિસ્થિતિમાં ભારતીય જવાનોએ ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના દિવસે ''ઓપરેશન વિજય'' પાર પાડીને કારગીલની બધી ચોકીપર પાછો ભારતીય ત્રિરંગો ફરકાવ્યો ત્યારથી ૨૬મી જુલાઈના રોજ કારગીલ વિજયને 'વિજય દિવસ'તરીકે મનાવવામાં આવે છે અને કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવીરહી છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા કારગીલ વિજય દિન નિમિઃત્તે તા.૨૬મી જુલાઈ, ૨૦૧૫નેરવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ''કારગીલ ચોક'' પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધા સુમનઅર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.





સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ,મ્યુનિ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેનશ્રી વિવેકભાઈપટેલ, શાસક પક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલસદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, મહાનુભાવોએ પોલીસ જવાનોની બ્યુગલની ધુન સાથે શહીદોનાસ્મારકને શ્રધ્ધાસુમન અર્પણ કરી શ્રધ્ધાજંલી આપી હતી. શાળાનાવિધાર્થીઓના ''જય જવાન જયકિસાન'', ''શહીદો અમર રહો'' અને ''વંદેમાતરમ્'' નાનારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. શારદાયતન શાળાના સ્કાઉટના કેડરો, વિદ્યાર્થીઓએ બેન્ડ સાથે ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે નગર પ્રાથમિકશાળાઓના બાળકો અને નગરજનો મોટી સંખ્યામાં હાજર રહી પુષ્પાંજલી અર્પણ કરી હતી.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૨૭.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૭ ફાઈલના રૂા.૧.૨૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૧૦ લોકેશન(ખાડા) ૪૦૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૨૪૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૬૮ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૪૦ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલતથા નવા પાણીના કનેકશન કુલ–૪૫ આપવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૬૭ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૭૨ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૨૯.૮૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૬.૭૯ લાખ થયેલ છે.,૦૮ ભહ તથા ૦૭  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૪૩૬/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૬ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૫ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૫ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૮૭.૬૦૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૦ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૫૯૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૫૪૬ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૫૩૪૭  બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૫૫ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૭૬૧ કરવામાં આવેલ છે. જયારે ૨૭ નોટીસ આપવામાં આવેલ  છે.

TOP

પ્રેસનોટ

નોર્થ ઝોન (કતારગામ)

સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૦૭/૨૦૧૫ થી તા.૨૬/૦૭/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૮૩૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૨૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૨૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૦૨ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૬૦૦૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૨૯૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૧૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૯૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૧૯૫ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૮૦,૧૧,૨૭૭/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૮ એન્ટ્રીમાં રૂા.૭૧,૪૫૦/– અને આર.સી.ની ૩૩ એન્ટ્રીમાં રૂા.૧,૫૫,૨૧૦/– મળી કુલ રૂા.૨,૨૬,૬૬૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૧ એન્ટ્રીમાં રૂા.૨૦/–, રીન્યુઅલની ૦૭ એન્ટ્રીમાં રૂા.૩૦૦/– અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૯ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૬ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૩,૧૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૦૮ ફાઈલોના રૂા.૨,૨૮,૬૭૯/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૩૦,૫૭૫/–, દબાણ ચાર્જના રૂા.૭,૨૪૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૬૦૦/– મળી કુલ રૂા.૧,૩૯,૪૧૫/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## અખબારી યાદી

સુરતઃ– સુરત મહાનગરપાલિકાના મે.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર આજરોજ લિંબાયત ઝોનના આરોગ્ય ખાતાની ટીમ દ્વારા ઈ.ચા.આરોગ્ય અધિકારી તથા લિંબાયત ઝોનના નાયબ આરોગ્ય અધિકારીની હાજરીમાં સુરત કડોદરા રોડપર સરદાર માર્કેટની બાજુમાં આવેલ મહાત્માગાંધી ફ્રુટ માર્કેટમાં કચરાના નિકાલ માટેના ડબ્બાઓનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. મુખ્ય આરોગ્ય નિરીક્ષક તથા મદદનીશ આરોગ્ય નિરીક્ષકોની બનેલી ટીમો દ્વારા દરેક સ્ટોલ પર ચેકીંગ કરવામાં આવ્યુ હતું. તેમજ જે સ્ટોલ ધારકો પાસે કચરાનો ડબ્બો ન હોય, તેવા સ્ટોલ ધારકો પાસેથી વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવ્યો હતો. જે દરમ્યાન કેટલાક સ્ટોલ ધારકોએ વહીવટી ખર્ચ ભરવાની ના પાડેલ હતી અને ટીમ સાથે રકઝક કરી હતી, જેથી આ અંગેની જાણ નાયબ આરોગ્ય અધિકારીશ્રીને કરીને પોલીસ કંન્ટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી. જેથી થોડી જ વારમાં પૂણા પોલીસ સ્ટેશનની મોબાઈલ વાન આવી પહોંચી હતી. જે દરમ્યાન એક સ્ટોલ ધારકને પોલીસ વાનમાં બેસાડીને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. તે સમયે તમામ વ્યપારીઓ તથા મજુરોએ એકત્ર થઈ સ્ટાફને ઘેરી લીધો હતો. તેમજ વહીવટી ખર્ચ વસુલ ન કરવા માટે દબાણ કર્યુ હતું. જેથી તમામ સ્ટાફને એકત્ર કરી સુરત મહાનગરપાલિકાની સમગ્ર ટીમ પુણા પોલીસ સ્ટેશન ખાતે પહોંચી હતી. જયા ફ્રુટ માર્કેટના વેપારીઓ, વકીલ સાથે આ અંગે લાંબી ચર્ચા વિચારણા થયેલ હતી. જે દરમ્યાન સ્ટોલ ધારકોએ હવી પછી તમામ સ્ટોલોમાં કચરાના ડબ્બાઓ રાખવા તથા માર્કેટમાં એકત્ર થતો કચરાનો વ્યવસ્થિત રીતે નિકાલ કરાવવાની તથા મહાનગરપાલિકાની કામગીરીમાં રૂકાવટ ઉભી ન કરવાની બાંહેધરી લેવામાં આવેલ હતી. દરમ્યાન મહાનગરપાલિકાની ટીમએ મકકમ રહી ૨૩ જેટલા સ્ટોલધારકો પાસેથી રૂા.૨૩,૦૦૦/– (અંકે રૂપીયા ત્રેવીસ હજાર પુરા) વહીવટી ખર્ચ પેટે વસુલ લેવાની કામગીરી કરી હતી. તેમજ આવતી કાલે માર્કેટના જવાબદાર પ્રતિનિધીઓ સાથે મિટીંગ યોજવાનું પણ નકકી કરવામાં આવેલ છે.

TOP

## || પૂર્વઝોન(વરાછા) ના અખબારી યાદી ||

તા. ૨૮/૦૭/૨૦૧૫

# પૂર્વઝોન (વરાછા) ના કરંજ વિસ્તારમાં બિનરહેણાંક વાળા મકાનોમાં વપરાશ બંધ કરાવી સીલ મારવાની કામગીરી.

પૂર્વ(વરાછા)ઝોનનાં ટી.પી. સ્કીમ નં.૩(કરંજ) નાં ફા.પ્લોટ નં. ૧૦૯ માં આવેલ ગાયત્રીનગર સોસાયટીનાં રહેણાંકનાં મકાનોનો હેતુફેર કરી તેમાં એમ્બ્રોઈડરી યુનીટો ચાલુ થતાં ઝોન કચેરી તરફથી લગભગ ૪(ચાર) વર્ષ પહેલા એમ્બ્રોઈડરી યુનીટોનો વપરાશ બંધ કરાવવામાં આવેલ. ત્યારબાદ આ જ સોસાયટીમાં ફરીથી હીરાની ઘંટીઓ, સિલાઈ મશીનો વિગેરે ઔદ્યોગિક પ્રવૃતિઓ શરૂ થતાં ઝોન કચેરી તરફથી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તમામ પ્રકારનાં બિનરહેણાંક યુનીટો સીલ કરવાની કામગીરી આજે તા.૨૮/૦૭/૨૦૧૫ નાં રોજ હાથ ધરવામાં આવેલ છે. આ સોસાયટીમાં બિનરહેણાંક પ્રવૃતિઓ ધરાવતાં લગભગ ૮૧૨ યુનીટો છે. જે પૈકી ૧૨૫ યુનીટોનાં કબ્જેદાર ઈસમો તરફથી મહાનગરપાલિકાની કાયદેસરની કાર્યવાહીનાં અમલ સામે એપેલેટ ઓથોરીટી સમક્ષ અપીલ અરજી દાખલ કરવામાં આવેલ છે. જે હાલ પેન્ડીંગ છે. આથી તે સિવાયનાં આ સોસાયટીનાં બિનરહેણાંક પ્રવૃતિ જેવી કે દુકાન, હીરાની ઘંટીઓ, ગોડાઉન વિગેરે ધરાવતાં યુનીટો આજરોજ 'સીલ' કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઝોન કચેરી તરફથી ડે.ઈજનેરશ્રીઓની રાહબરી હેઠળ અલગ અલગ ૭(સાત) ટીમો બનાવી લગભગ ૧૧૫ નાં સ્ટાફ મારફત કરવામાં આવી રહેલ છે. બપોર સુધીમાં આશરે ૪૨૫ યુનીટો 'સીલ' કરવામાં આવેલ છે. આ કામગીરી ઝોન કચેરીનાં શહેર વિકાસ અને દબાણ વિભાગનાં સ્ટાફ ઉપરાંત વેસ્ટ ઝોન (રાંદેર) તથા સાઉથ–વેસ્ટ ઝોન (અઠવા) નાં દબાણ વિભાગનાં સ્ટાફની મદદથી હાથ ધરવામાં આવી રહેલ છે. આ કામગીરી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા કાપોદ્રા પોલીસ મથકનાં ૦૧ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ૦૪–પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી સહિતનો ૪૦ નો સ્ટાફ તથા મહાનગરપાલિકાનાં ૧૦ સીકયુરીટી ગાર્ડનો સ્ટાફ સતત ખડેપગે હાજર રહેલ છે. ~~આ સમગ્ર~~ કામગીરી આજરોજ સાંજ સુધીમાં પૂરી થવાની શકયતા છે. જો આ કામગીરી આજરોજ પૂર્ણ ન થાય તો આવતી કાલનાં રોજ પણ ઉકત કામગીરી ચાલુ રાખવામાં આવ[illegible]

ઉપરોકત સમગ્ર કામગીરી મા.કમિશ્નરશ્રીની સૂચનાથી, એડીશનલ સીટી ઈજનેરશ્રી(સિ[illegible]) નાં માર્ગદર્શન તથા કાર્યપાલક ઈજનેરશ્રીઓ અને આસી.કમિશ્નરશ્રીની દેખરેખ હેઠળ લગભગ ૧૩૦નાં સ્ટાફ મારફત કરવામાં આવી રહેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં........F 34....:
તા.૨૮/૦૭/૨૦૧૫

TOP

## સુરત મહાનગરપાલિકા
## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
## અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં ગૃડા એકટ–૨૦૧૧ હેઠળની અરજીઓ અન્વયે ભરપાઈ કરવા પાત્ર બાકી રહેતા નાણા ભરપાઈ કરવા સામે વારંવાર ટેલિફોનીક તેમજ રૂબરૂ મૌખિક સમજ મિલ્કતદારોને આપ્યા છતા આજદિન સુધી નાણા મિલ્કતદારો દ્વારા ભરપાઈ કરવામાં ન આવતાં અત્રેથી કોમર્શીયલ હેતુસરની મિલ્કતોમાં નાણા વસુલાત અંગેની સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવેલ. જેમાં મિલ્કત સીલ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરેલ. જેના પરિણામરૂપે તા.૨૭/૦૭/૧૫ તથા તા.૨૮/૦૭/૨૦૧૫ ના રોજ રૂા.૧૦,૨૨,૬૬૮/– ની વસુલાત કરવામાં આવેલ છે. તેમજ ટી.પી.સ્કીમ નં.૬(મજુરા–ખટોદરા), ફા.પ્લોટ નં.૧૨૯, ઘર નં.૧૮ અંબાનગરની કોમર્શીયલ હેતુસરની મિલ્કતને સીલ કરવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે, કોમર્શીયલ મિલ્કતોમાં નાણા વસુલાત અંગેની ઝુંબેશ ચાલુ રહેનાર છે તથા આગામી દિવસોમાં પણ રહેણાંક તેમજ અન્ય હેતુસરની મિલ્કતોમાં ઈમ્પેકટ ફીના નાણા ભરપાઈ કરવાના બાકી હોય તેવી મિલ્કતોમાં પણ આ પ્રકારની સીલ મારવાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર છે તેમજ નાણા વસુલાતની કાર્યવાહી ચાલુ રહેનાર છે.

ઉપરોકત કામગીરી અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ તથા સીકયોરીટી સ્ટાફ સાથે રાખી હાથ ધરવામાં આવેલ છે.

TOP

**સુરત મહાનગરપાલિકા**
**જાહેર આરોગ્ય વિભાગ**
**પ્રેસનોટ**

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૨૦/૦૭/૨૦૧૫ થી તા.૨૬/૦૭/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૯,૧૧૦/–, વેસ્ટઝોન – રૂા.૪,૫૪૦/–, સાઉથઝોન – રૂા.૮,૧૯૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૧૦,૨૫૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૯,૭૪૦/–, નોર્થઝોન – રૂા.૯,૬૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૭,૩૦૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૫૮,૭૩૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

## પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

તા.૨૭.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૭ ફાઈલના રૂા.૧.૨૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૧૦ લોકેશન(ખાડા) ૪૦૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૨૪૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૬૮ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૪૦ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલતથા નવા પાણીના કનેકશન કુલ–૪૫ આપવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૬૭ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૭૨ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૨૯.૮૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૬.૭૯ લાખ થયેલ છે.,૦૮ ભ્મહ તથા ૦૭  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૪૩૬/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૬ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૫ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૫ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૮૭.૬૦૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૦ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૫૯૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૫૪૬ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૫૩૪૭  બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૫૫ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૭૬૧ કરવામાં આવેલ છે. જયારે ૨૭ નોટીસ આપવામાં આવેલ  છે.

TOP

પ્રેસનોટ
નોર્થ ઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૦૭/૨૦૧૫ થી તા.૨૬/૦૭/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૮૩૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૨૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૨૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૦૨ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૬૦૦૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૨૯૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૧૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૯૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૧૯૫ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૮૦,૧૧,૨૭૭/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૮ એન્ટ્રીમાં રૂા.૭૧,૪૫૦/– અને આર.સી.ની ૩૩ એન્ટ્રીમાં રૂા.૧,૫૫,૨૧૦/– મળી કુલ રૂા.૨,૨૬,૬૬૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૧ એન્ટ્રીમાં રૂા.૨૦/–, રીન્યુઅલની ૦૭ એન્ટ્રીમાં રૂા.૩૦૦/– અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૯ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૬ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૩,૧૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૦૮ ફાઈલોના રૂા.૨,૨૮,૬૭૯/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભઘક આવાસ વસુલાત રૂા.૧,૩૦,૫૭૫/–, દબાણ ચાર્જના રૂા.૭,૨૪૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૬૦૦/– મળી કુલ રૂા.૧,૩૯,૪૧૫/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

નોર્થઝોન (કતારગામ)

સુરત મહાનગરપાલિકા,સુરત

." આરોગ્ય વિભાગ"

નોર્થઝોન (કતારગામ) આરોગ્ય વિભાગ ધ્વારા આજ રોજ તા. ૨૮/૦૭/૨૦૧૫ નાં રોજ સવારે ૯:૦૦ કલાકથી કંતારેશ્વર શાક /ફ્રુટ માર્કેટ અને શીવનગર શાક /ફ્રુટ માર્કેટ નાં સ્ટોલની ફાળવવણી માટે " ડ્રો" નું આયોજન કરવામાં આવેલ. જેમા કંતારેશ્વર શાક /ફ્રુટ માર્કેટમાં કુલ–૨૩૩ અને શીવનગર શાક /ફ્રુટ માર્કેટ કુલ–૭૮ સ્ટોલનું લાભાર્થીઓને સ્ટોલની ફાળવવણી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરીમાં કતારગામ ઝોનનાં પદાધિકારીઓ શ્રી જી.સી.ગોપાણી અને શ્રી સતીષભાઈ પટેલની હાજરીમાં "ડ્રો" કરવામાં આવેલ. આ "ડ્રો" માં નોર્થઝોન(કતારગામ) નાં અધિકારી અને કર્મચારીઓએ ઉત્સાહભેર કામગીરી કરેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નંબર :– 639
તા.૨૮/૦૭/૨૦૧૫

TOP







TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તેમજ મે.કમિશ્નરશ્રી ના આદેશાનુસાર તા.૨૮/૦૭/૨૦૧૫નાં રોજ વિવિધ ઝોન વિસ્તારમાં આવેલ શાકભાજી માર્કેટ તથા પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની આસપાસ ઘનિષ્ઠ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન કુલ ૯૫ શાકભાજી માર્કેટોની આસ–પાસના વિસ્તારોમાં તેમજ તમામ ઝોન વિસ્તારમાં કુલ ૫૭ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની ઘનિષ્ઠ સાફ–સફાઈની કામગીરી કરી, જરૂર જણાય ત્યાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો. આજના અભિયાન દરમ્યાન ૪૮૦.૫૦૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો, ૧૫૬.૨૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં કરવામાં આવ્યો અને સ્વચ્છતા વિરુધ્ધ પ્રવૃત્તિ આચરતા ઈસમોને ૨૪૫ નોટીસ પાઠવી કુલ રૂા.૮૬,૨૫૦ /– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ મંજુર ડ્રાફટ ટી.પી.સ્કીમ નં. ૩૯(ઉધના–લિંબાયત)માં આવેલ સર્વે નં.૭ માં આવેલ મહાપ્રભુનગર સોસાયટીના સબપ્લોટ નં.૩ માં આવેલ ગાળા નં.૬,૭,૮ અને ૯ ના મિલ્કતદાર દ્વારા કરાયેલ બીજા માળનું ગેરકાયદેસર બાંધકામની ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

સદરહુ વિસ્તારમાં આવેલ મહાપ્રભુનગર સોસાયટીના સબપ્લોટ નં.૩ માં આવેલ ગાળા નં.૬,૭,૮ અને ૯ ના મિલ્કતદાર દ્વારા સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવ્યા વિના બીજા માળનું ઈન્ડસ્ટ્રીયલ બાંધકામ કરવામાં આવેલ. સદરહુ બાંધકામ સબંધે ઝોન કચેરીના લાગત સ્ટાફ દ્વારા અવારનવાર બાંધકામ અટકાવવામાં આવેલ પરંતુ મિલ્કતદાર દ્વારા મિલ્કતનું બાંધકામ ચાલુ જ રાખવામાં આવેલ. જેને પરીણામે આજ તા. ૨૯/૦૭/૧૫ ના રોજ દબાણ ખાતાના ૧૦ બેલદારો અને ખાનગી એજન્સીના ૨૦ માણસોના કાફલા સાથે ૨(બે) બ્રેકર મશીનની સહાયથી બિનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે. જેમાં અંદાજે ૩૬૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ તથા ચણતરકામનું બાંધકામની ડિમોલીશનની કામગીરી ચાલુ રાખવામાં આવેલ.

સદરહુ કામગીરીમાં સુરત મહાનગરપાલિકાના શહેર વિકાસ / દબાણ વિભાગની ટીમ સુપરવાઈઝર, આસી.ઈજનેર, ડેપ્યુટી ઈજનેર રોકાયેલ.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૨૯.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૫ ફાઈલના રૂા.ર.૯૭ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૭ લોકેશન(ખાડા) ૪૦૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૫ લોકેશન ૧૬૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૬૫ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૮ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલતથા નવા પાણીના કનેકશન કુલ–૨૫ આપવામાં આવેલતથા રોડ પૈકીના દબાણમાં કુલ–૦૪ લારી/ગલ્લા ઉપાડવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૧૨૦/– વસુલ લેવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૨૩ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૭૨ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૨૨.૫૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૪.૧૦ લાખ થયેલ છે.,૧૫ ભહ તથા ૦૧ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૩૮૭/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૪ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૦ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૭ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૬ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૯.૫૩૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૦ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૨૫૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૪૯૧ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૪૩૪૮ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૬૩ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૫૫૪ કરવામાં આવેલ છે. જયારે ૨૪ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૩૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

**TOP**

**પ્રેસનોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૮/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૨૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૨૩૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૩૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૨૯૫ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૪૫,૮૨,૬૭૨/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૯ એન્ટ્રીમાં રૂા.૬૪,૬૪૦/– અને આર.સી.ની ૪૩ એન્ટ્રીમાં રૂા.૨,૦૯,૭૭૧/– મળી કુલ રૂા.૨,૭૪,૪૧૧/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૮ એન્ટ્રીમાં રૂા.૨૦૦/–, રીન્યુઅલની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૮૦/– અને દંડની રકમની ૦૨ એન્ટ્રીમાં રૂા.૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૭ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૩ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૧૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૮ ફાઈલોના રૂા.૨,૩૫,૧૪૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.જમીન મિલ્કત વિભાગ દ્વારા ભાડક આવાસ વસુલાત રૂા.૧,૧૭,૩૨૯/–, દબાણ ચાર્જના રૂા.૫,૪૪૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૫૦૦/– મળી કુલ રૂા.૧,૨૩,૨૬૯/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૨ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

–:: પ્રેસનોટ ::–

## સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા

ભારતીય સંસ્કૃતિ એટલે વ્રત, તપ અને તહેવારોથી ભરેલી સંસ્કૃતિ. આજે પણ પૌરાણિક વ્રત અને ઉત્સવો એજ ઊંડી શ્રધ્ધા અને ભકિતથી ઉજવાય છે. ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે યોજાતા આ ઉત્સવને જીવંત અને ધબકતો રાખવાના ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૨૮/૦૭/૨૦૧૫ના રોજ સવારે ૧૧ કલાકે પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધા, બપોરે ૩ કલાકે માધ્યમિક વિભાગની મહેંદી સ્પર્ધા તથા તા.૨૯/૦૭/૨૦૧૫ના રોજ સવારે ૧૧ કલાકે ખુલ્લા વિભાગની સાદી તથા અરેબિક મહેંદી સ્પર્ધા સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, નાના વરાછા, સુરત ખાતે યોજવામાં આવી હતી.






ભારતીય પરંપરામાં શુકન ગણાતી હાથે મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા ત્રણેય વિભાગના સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ૧૬૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધામાં નીચે મુજબ વિજેતા જાહેર થયા હતા.

### પ્રાથમિક વિભાગ

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | જાદવ જીજ્ઞાસા મુકેશભાઈ | સુતરીયા વૃતિ જી. |
| દ્વિતીય | અકબરી ખુશ્બુ દિનેશભાઈ | વરીયા ઉર્મિલાબેન બાલુભાઈ |
| તૃતીય | પટેલ સાહિસ્તા ઈકબાલ | અંસારી આફરીન મો.જાફર |
| આશ્વાસન | વરીયા રીંકલ બાલુભાઈ | ધોડાદરા માનસી મુકેશભાઈ |
| | વોરા જીજ્ઞા ચંદ્રકાંતભાઈ | અંસારી સાયમા મોઈનુદ્દીન |
| | વરીયા રૂચિ નરેશકુમાર | વરીયા મીરા નરોતમભાઈ |
| | પઠાણ ફરહીનબાનું ઐયુબખાન | ગઢીયા રૂચિ ભરતભાઈ |
| | હાંસોટી ફિઝા ફિરોઝ | પટેલ હની અજયભાઈ |

### માધ્યમિક વિભાગ

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | શીરાવાલા જાનવી દિનેશભાઈ | શેખ મુબસ્સેરાબાનું મો.આરીફ |
| દ્વિતીય | જરીવાળા હિનલ ભરતકુમાર | સૈયદ ફાતેમાબેગમ મુનાફ |
| તૃતીય | ટકાઈવાલા રિધ્ધી અનિલકુમાર | શેખ આફરીનબાનું મો.ઐયુબ |
| આશ્વાસન | કનસાડવાલા ડિનલ અલ્પેશકુમાર | સૈયદ આરઝુબી ગુલશનઅલી |
| .."..  | ચેવલી ખુશી પરેશકુમાર | ઝાંઝમેરા પાયલ ભૂપતભાઈ |
| .."..  | ત્રિવેદી પલ દિપક | કોંકણે અશ્વિની ધર્મેન્દ્રભાઈ |

TOP

## **ખુલ્લા વિભાગ**

| **વિજેતા** | **સાદી મહેંદી** | **અરેબિક મહેંદી** |
|---|---|---|
| પ્રથમ | કલ્પનાબેન દાનજીભાઈ ચૌહાણ | પટેલ વિમ્પલબેન કમલેશભાઈ |
| દ્વિતીય | જરીવાલા ભૂમિકા મેહુલકુમાર | પીપાવાલા બોનીશા |
| તૃતીય | ધડુક ફોરલ પીયુષભાઈ | કાકલોતર નિકિતા |
| આશ્વાસન | રાધીકાબેન પટેલ | સાપરીયા પ્રિયંકાબેન વિજયભાઈ |
| | ઝંખના ભાવેશ રેશમવાલા | પ્રજાપતિ શિવાંગી ઉપેશભાઈ |
| | સ્નેહા ભાવીકભાઈ દેસાઈ | ટંડેલ સ્નેહલબેન હરીલાલ |
| | દિલખુશ ભાર્ગવી કલ્પેશભાઈ | પાંડવ નિમિષાબેન દેવરાજભાઈ |
| | ઝિંગલ નિતીનભાઈ સાવલીયા | દેવાણી રીચા વિઠલભાઈ |

મહેંદી સ્પર્ધાના વિજેતાઓને ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડીયા અને નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મ્યુનિ.અધિકારીઓ, શિક્ષકો, વાલીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. તા.૩૦/૦૭/૨૦૧૫ના રોજ સવારે ૯.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજાનાર ગોરમાગીત સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા ગોરમાગીતોને માંણવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ મંજુર ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં. ૩૯(ઉધના–લિંબાયત)માં આવેલ સર્વે નં.૭ માં આવેલ મહાપ્રભુનગર સોસાયટીના સબપ્લોટ નં.૩ માં આવેલ ગાળા નં.૬,૭,૮ અને ૯ ના મિલ્કતદાર દ્વારા કરાયેલ બીજા માળનું ગેરકાયદેસર બાંધકામની ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

સદરહુ વિસ્તારમાં આવેલ મહાપ્રભુનગર સોસાયટીના સબપ્લોટ નં.૩ માં આવેલ ગાળા નં.૬,૭,૮ અને ૯ ના મિલ્કતદાર દ્વારા સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવ્યા વિના બીજામાળનું ઈન્ડસ્ટ્રીયલ બાંધકામ કરવામાં આવેલ. સદરહુ બાંધકામ સબંધે ઝોન કચેરીના લાગત સ્ટાફ દ્વારા અવારનવાર બાંધકામ અટકાવવામાં આવેલ પરંતુ મિલ્કતદાર દ્વારા મિલ્કતનું બાંધકામ ચાલુ જ રાખવામાં આવેલ. જેને પરીણામે આજ તા. ૨૯/૦૭/૧૫ ના રોજ દબાણ ખાતાના ૧૦ બેલદારો અને ખાનગી એજન્સીના ૨૦ માણસોના કાફલા સાથે ૨(બે) બ્રેકર મશીનની સહાયથી બિનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે. જેમાં અંદાજે ૩૬૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ તથા ચણતરકામનું બાંધકામની ડિમોલીશનની કામગીરી ચાલુ રાખવામાં આવેલ.

તેમજ ટી.પી.સ્કીમ નં.૩૩ (ડુંભાલ) માં આવેલ ૩૬ મી. પહોળો મોડેલ ટાઉન તરીકે જાણીતો ' ૦ ' દબાણ રૂટ પર ફેરીયાઓ તથા શાકભાજી વિક્રેતાઓ દ્વારા લારી–ગલ્લાઓનું દબાણ કરી રસ્તાની અવરજવરને અડચણરૂપ હતા. જે અન્વયે તા.૨૮/૦૭/૨૦૧૫ ના રોજ સદર રૂટ પરથી ટેકનીકલ સ્ટાફ, આરોગ્ય સ્ટાફની મદદથી દબાણ દુર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. સદરહુ કામગીરી દરમ્યાન કુલ ૨૨ લારી – ગલ્લા, ૯૮ જેટલા શાકભાજીના કેરેટ જપ્ત કરવામાં આવેલ અને જાહેર જનતાના અવરજવર માટે પુરતી પહોળાઈનો રસ્તો મોકળો કરી ટ્રાફીકની અડચણ દુર કરવામાં આવેલ.

સદરહુ કામગીરીમાં સુરત મહાનગરપાલિકાના શહેર વિકાસ / દબાણ વિભાગની ટીમ સુપરવાઈઝર, આસી.ઈજનેર, ડેપ્યુટી ઈજનેર રોકાયેલ.

TOP

પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા હીરાબાગ હેલ્થ સેન્ટર ખાતે ખ્યાતનામ રંગોળી કલાકાર અખ્તર ટેલર નિર્મીત રંગોળી ધ્વારા માનનીય સ્વ.ડો.અબ્દુલ કલામને શ્રધ્ધાંજલી



સુરત મહાનગરપાલિકા હીરાબાગ હેલ્થ ખાતે મા.સ્વ.ડો.અબ્દુલ કલામને શ્રધ્ધાંજલી આપવા આજના તેમની અંતિમ વિધી પ્રસંગે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં કલામંથન આર્ટ એકેડેમીનાં શ્રી ધર્મેશ પટેલનાં સહયોગથી સુરતમાં ખ્યાતનામ રંગોળી કલાકાર શ્રી અખ્તર ટેલર ધ્વારા લગભગ આઠ કલાકની મહેનતથી રંગોળી સ્વરૂપે ડો. અબ્દુલ કલામની આબેહુબ રંગોળી બનાવવામાં આવી હતી. જેને શ્રધ્ધાંજલી આપવા " ડોટસ " વિભાગનાં આરોગ્ય કાર્યક્રમો, હેલ્થ સેન્ટરનો અન્ય સ્ટાફ ઉપસ્થિત રહી મીણબતી પ્રગટાવી સૌ એ મા.સ્વ.ડો.અબ્દુલ કલામને વિશિષ્ટ શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. સીટી ટીબી ઓફીસર ડો. કે. એન. શેલડીયા તથા ડો. સ્મીતા પટેલ, ડો.કેતન ગરાસીયા, ડો. અર્પિત દુધવાલા ની હાજરી તથા રાહબરીમાં તેમજ આરોગ્ય શિક્ષણનાં ભાગ રૂપે કાર્યક્રમ યોજયો હતો.

TOP

## પ્રેસનોટ

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૭(આંજણા) માં સ્થિત જરીકસબ ઈન્ડ. વાળી સોસાયટીમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ અન્વયે આજરોજ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જે અંતર્ગત જરીકસબ ઈન્ડ. સોસાયટીના સબપ્લોટ નં.૧૮૦/સી તથા ૧૮૦/ડી વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી શાંતાબેન કચરાભાઈ વિ. તરફથી સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવ્યા વિના બીજા માળે ઓપન ટેરેસ વાળી જગ્યામાં પતરા નાંખવાના ઈરાદે એંગલો ઉભી કરી સ્ટીલનું માળખું ઉભું કરવામાં આવેલ. સદરહુ બાંધકામ સબંધે ઝોન કચેરીના લાગત સ્ટાફ દ્વારા અવારનવાર બાંધકામ અટકાવવામાં આવેલ પરંતુ મિલ્કતદાર દ્વારા સદરહુ બાંધકામ ચાલુ જ રાખવામાં આવેલ. જેને પરીણામે આજ તા. ૩૦/૦૭/૧૫ ના રોજ દબાણ ખાતાના બેલદારો અને ખાનગી એજન્સીના ૧૫ માણસોના કાફલા સાથે ૨(બે) ગેસ કટરની સહાયથી બિનઅધિકૃત રીતે ઉભા કરેલા એંગલો ચેનલો સહિતનું માળખું ખોલી દુર કરવામાં આવેલ છે.તથા સ્ટીલ સામાન જપ્ત કરવામાં આવેલ છે. જેમાં અંદાજે ૨૫૬૦ ચો.ફુટ માપવિસ્તારમાં આવેલ પતરાના શેડનું માળખું દુર કરવામાં આવેલ છે.

તદઉપરાંત ગત સપ્તાહે સદરહુ સોસાયટીના પ્લોટ નં.૧૫૮/ઈ તથા ૧૫૯/એ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી દિલીપભાઈ પટેલ દ્વારા સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવ્યા વિના ત્રીજામાળે ઓપન ટેરેસ વાળી જગ્યામાં પતરા નાંખવાના ઈરાદે એંગલો ઉભી કરી સ્ટીલનું માળખું ઉભું કરવાનું શરૂ કરવામાં આવેલ. જે અન્વયે સબંધિત સ્ટાફ દ્વારા કામ બંધ કરાવી સ્વૈચ્છિક રીતે બાંધકામ દુર કરવાની લેખિત બાંહેધરી પણ લેવામાં આવેલ. તેમ છતા મિલ્કતદાર દ્વારા અવગણના કરીને ફરીથી કામ શરૂ કરાતા આજ તા. ૩૦/૦૭/૧૫ ના રોજ સવારથી ડેપ્યુટી ઈજનેર,આસી.ઈજનેર તરફથી સ્થળ પર હાજર રહી બાંધકામ દુર કરવા કાર્યવાહી શરૂ કરી આશરે ૨૫૬૦ ચો.ફુટ માપવિસ્તારમાં આવેલ પતરાના શેડનું માળખું દુર કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે તથા કામગીરી પુર્ણ થાય ત્યા સુધી ચાલુ રાખવામાં આવનાર છે.

આમ, ઉપરોકત બંને મિલ્કતો મળીને કુલ ૫૧૨૦ ચો.ફુટ માપવિસ્તારમાં આવેલ પતરાના શેડનું માળખું દુર કરવામાં આવેલ.

તદઉપરાંત સદરહુ ઝોનના ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૦ (લિંબાયત–ડીંડોલી) માં આવેલ શિવકૃપા જકાતનાકાથી નીલગીરી સર્કલ જતા ૪૫ મી.ના ટી.પી.રસ્તા પર શિવાજીનગરની બાજુમાં ૫ દુકાનોનું ગેરકાયદેસર દબાણ કરેલ હતું જેનું આજરોજ સદરહુ ઝોનના શહેર વિકાસ તેમજ દબાણ વિભાગના સ્ટાફના બેલદારો તથા ખાનગી કોન્ટ્રાકટરના માણસોની મદદથી દબાણ કરેલ દુકાનોને દુર કરી ટી.પી.રસ્તાને ખુલ્લો કરવામાં આવેલ.

ઉપરોકત સમગ્ર કામગીરી માટે ૦૨ નંગ ગેસ કટર, ડેપ્યુટી ઈજનેર,આસી. ઈજનેર,સુપરવાઈઝર, ટેકનીકલ આસીસ્ટન્ટ તેમજ દબાણ સ્ટાફ અને ખાનગી કોન્ટ્રાકટરના માણસો તથા બેલદારો મળી કુલ ૪૦ થી વધુ માણસો રોકાયેલ.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩૯૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૩૫૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૭૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૨૩૦ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૪૧,૩૦,૩૦૧/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૪૯ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૩ એન્ટ્રીમાં રૂા.૭૧,૩૮૦/– અને આર.સી.ની ૧૬ એન્ટ્રીમાં રૂા.૭૨,૮૭૦/– મળી કુલ રૂા.૧,૪૪,૨૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૦ એન્ટ્રીમાં રૂા.૨૦૦/–, રીન્યુઅલની ૦૫ એન્ટ્રીમાં રૂા.૨૯૦/– અને દંડની રકમની ૦૬ એન્ટ્રીમાં રૂા.૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૪ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૮ ફાઈલોના રૂા.૯,૫૪,૪૩૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભઘક આવાસ વસુલાત રૂા.૧,૩૮,૦૬૦/–, દબાણ ચાર્જના રૂા.૫,૦૫૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૩૦૦/– મળી કુલ રૂા.૧,૪૩,૪૧૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૪ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૩૦.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩૧ ફાઈલના રૂા.૬.૯૪ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૩ લોકેશન(ખાડા)૧૪૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૮.૮૮૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા કુલ–૦૯ લોકેશન(ખાડા) ૩૨૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૨૭૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૪૦ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૯ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલતથા નવા પાણીના કનેકશન કુલ–૧૫ આપવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૬૮૭/– વસુલ લેવામાં  આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦૪ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૧૫૮ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૨૭.૮૧ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૪.૯૭ લાખ થયેલ છે.,૧૪ ભહ તથા ૦૭  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૨૭૬/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૧૫ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૮ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૩ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૮ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૯.૫૩૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૫ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૩૦૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૧૩૪ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૫૮૬૧  બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૧૦૭ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૪૬૨ કરવામાં આવેલ છે. જયારે ૫૧ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે  રૂા.૧૨,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી
## તા. ૩૦/૦૭/ ૨૦૧૫
## સુરત મહાનગરપાલિકા પૂર્વ(વરાછા)ઝોનના વિવિધ વિસ્તારોમાં દબાણ/ડીમોલીશન ઝુંબેશ

ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) માં સ્પીનીંગ મીલની પાછળ ફા.પ્લોટ નં.૬૦, ૬૨ પૈકી મમતા પાર્ક સોસાયટી પાછળ આવેલ દિનદયાળનગર, શ્રીરામનગર વસાહતના રહેવાસીઓ તરફેથી મુખ્ય રોડ ને લાગુ અત્રેથી ફાળવેલ રેસીડેન્સીયલ હેતુ માટેના પ્લોટો પર હેતુફેર કરી દુકાનો બનાવી તેમાં મચ્છી, ઈંડા, મટન તથા અન્ય ખાદ્યપ્રદાર્થોનું વેચાણ બિનઅધિકૃત રીતે કરતાં હોય, જેને કારણે આ વિસ્તારમાં પુષ્કળ ગંદકીની સાથે ન્યુસન્સ ઉભુ થયેલ, જેને બંધ કરાવવા અંગે આ વિસ્તારમાં આજુબાજુની સોસાયટીના રહીશો તેમજ સ્થાનીક મ્યુ.સભ્યશ્રી/ માન.ધારાસભ્યશ્રીઓની વારંવારની લેખિત તથા મૌખિક ફરીયાદો / રજુઆતો મળતી હોય, વર્ષોથી આ ન્યુસન્સને દુર કરવા/બંધ કરવા અત્રેના પૂર્વ(વરાછા) ઝોનના કર્મચારીઓ કવાયત કરતાં રહયા છે. જેના ભાગરૂપે અગાઉ પણ વિશેષ ઝુંબેશો ઉપાડી આરોગ્ય તથા ઈજનેરી વિભાગના કર્મચારીઓ દ્વારા સદર જગ્યાએ આવી હેતુફેર વાળી મિલકતોમાં સુરૂચિભંગ તથા આરોગ્યને નુકશાનકર્તા ધંધાકીય યુનીટો/દુકાનો સામે કડક કાર્યવાહી કરી આવા યુનીટોને સીલ મારવામાં આવેલ. આજ રોજ આ વિસ્તારમાં અત્રેથી ઈજનેરી તથા આરોગ્ય સ્ટાફ દ્વારા ઝુંબેશ કરી સ્થળ પર ધંધો કરતાં ૩(ત્રણ) એકમોના દરવાજા/ શટર્સ તોડીને દુર કરી આશરે ૧૦૦ કિ. ગ્રા. મટન,મચ્છી, ૪૦૦ નંગ ઈંડા, ૩૦ નંગ જીવતી મરઘીઓ, ટેબલ નંગ–૨, વજન કાંટા નંગ–૫, બાંકડો નંગ–૧, સ્ટુલ નંગ–૩, લાકડાના પાટલા નંગ–૫, પીંજરા, લાકડાના ખુટ્ટા, કેરેટ તથા અન્ય ખાદ્યપ્રદાર્થો વિગેરે જપ્ત કરી વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦૦૦/– વસુલ કરવામાં આવેલ તેમજ સ્થળ પર સુરૂચિભંગ ધંધો ન કરવા કડક સૂચના આપવામાં આવેલ. જો આવી પ્રવૃત્તિઓ બંધ ન થશે તો આગામી દિવસોમાં સુરત મહાનગરપાલિકાએ રહેણાંકના હેતુસર ફાળવેલ પ્લોટોમાં શરતભંગ સબબ ગંભીર કાયદાકીય કાર્યવાહીકરવામાં આવશે.

ઉકત કામગીરી દરમ્યાન સ્થળ પર લોક ટોળા જમા થતાં તથા ઉગ્ર વાંધો વિરોધને લઈ પોલીસ મોબાઈલવાનને સ્થળ પર બોલાવતાં પરિસ્થિતી નિયત્રંણમાં આવેલ.

ઉપરોકત કામગીરી પૂર્વ(વરાછા) ઝોન નાં કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોન કચેરીના ડેપ્યુટી ઈજનેરશ્રીઓ તથા શહેર વિકાસ ખાતાનો સ્ટાફ તથા દબાણ વિભાગનાં સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવેલ

TOP

## જાહેર આરોગ્ય વિભાગ

## પ્રેસનોટ

તાજેતરમાં ગુજરાત રાજયના બનાસકાંઠા જીલ્લાના વિવિધ વિસ્તારોમાં ભારે થી અતિભારે વરસાદ થવાના કારણે વરસાદી / પુરના પાણીનો મોટા પ્રમાણમાં ભરાવો થવાના કારણે પશુઓ–પક્ષીઓ તથા લોકોના જાન–માલને ભારે નુકશાન થવા પામેલ છે અને અસરગ્રસ્ત વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજય ફેલાવા પામેલ હોઈ, રોગચાળો ફાટી ન નિકળે અને રાબેતા મુજબની સ્થિતિ ફરીથી સર્જાય તે હેતુસર, આ વિસ્તારોમાં સાફ–સફાઈની કામગીરી અને રોગોની સારવાર કામગીરી યુધ્ધના ધોરણે થાય તે હેતુસર સુરત મહાનગરપાલિકાની એક સફાઈ કામગીરીની ટીમ તથા એક મેડિકલ ટીમ તથા ફાયર વિભાગની ટીમ તાકિદે બનાસકાંઠાના પાલનપુર ખાતે મોકલવા અંગે પ્રસાશન દ્વારા મ્યુ.કમિશ્નરશ્રીને જણાવવામાં આવેલ.

બનાસકાંઠા જીલ્લાના પાલનપુર ખાતે ગંદકીથી અસરગ્રસ્ત વિસ્તારોમાં સાફ–સફાઈ તથા જાહેર આરોગ્યલક્ષી કામગીરી કરવા માટે સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોન, નોર્થઝોન અને ઈસ્ટઝોન ઝોનના મળી સફાઈની ટીમમાં ૦૧–આરોગ્ય નિરિક્ષક, ૦૩–મદદનીશ આરોગ્ય નિરિક્ષકો, ૦૫–ડ્રાઈવરો, ૦૩–કલીનરો અને ૫૩–સફાઈકામદારો / બેલદારો તથા ૦૨ –પ્રચારગાડી ૮નવ ડપ ત ઠપડપલ નવ ડપ ત ઠપડજ્ઞ૯ , ૦૧–મીનીબસ ૮નવ ડપ ર ઠણ,૯ અને ૦૨–ટ્રક ૮નવ ડપ થથ ટટક્ષપલ નવ પ ન ઠજ્ઞજ્ઞ,૯ તેમજ જરૂરી સફાઈના સાધનો જેવા કે કાથીબ્રશ હાથા સાથેના – ૫૦નંગ, નાયલોન બ્રશ હાથા સાથેના – ૫૦ નંગ, વાંસના ટોપલા–૬૦ નંગ, બુતારા – ૧૦૦ નંગ, સ્ક્રેપર– ૧૦૦ નંગ, ફિનાઈલ–૩૫૦ લીટર, જંતુનાશક દવા / પાવડર મેલેથીઓન – ૩૫ ગૂણ અને લાઈમ ડસ્ટક – ૬૦ ગૂણ વિગેરે સહિતની એક ટીમ, પાલનપુર–બનાસકાંઠા વિસ્તારમાં મેડિકલ સંબંધિત કામગીરી કરવા માટે સુરત મહાનગરપાલિકાના વેકસીન વિભાગમાંથી ૦૧–મેડિકલ ઓફિસર, ૦૧–કલાર્ક કમ કંપાઉન્ડર, ૦૧–મદદનીશ આરોગ્ય નિરિક્ષક, ૦૧–ડ્રાઈવર અને ૦૧–મોબાઈલ ડીસ્પેન્સરી વાન (નવ પ ન ઠ×ણણ૯ કલોરીન ટેબ્લેટ – ૩૦,૦૦૦ નંગ, ૧૦૦૦ પેકેટ – ફચક તથા જરૂરી અન્ય દવાના જથ્થા સહિતની બીજી ટીમ તેમજ ફાયર વિભાગના ૦૨–ફાયર ઓફિસર, ૦૨–ડ્રાઈવર, ૦૮– ફાયરમેન તથા ૦૨–ફાયર ફાઈટર સહિતની ત્રીજી ટીમ મળી કુલ ૦૩(ત્રણ) ટીમ બનાસકાંઠાના પાલનપુર ખાતે તા.૩૦/૭/૨૦૧૫નાં રોજ બપોરે ૩:૦૦ કલાકે મા.મેયરશ્રી નિરજંન ઝાંઝમેરા, મા.અધ્યક્ષશ્રી (સ્થાયી સમિતિ) નિરવ એસ. શાહ, મા.ધારાસભ્યશ્રી (મજુરા–સુરત) હર્ષ સંધવી, ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિ.) ડો. એચ.એસ.દેસાઈ અને ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રી ડો. કે.એ.શ્રોફની ઉપસ્થિતિમાં રૂદરપુરા હેલ્થ કેમ્પ ખાતેથી પાલનપુર ખાતે જવા રવાના કરવામાં આવેલ છે.

મા.મેયરશ્રીએ ઉકત ત્રણેય ટીમોને બનાસકાંઠાના પાલનપુર ખાતે યુધ્ધના ધોરણે સફાઈ સંબંધિત કામગીરી કરવા હાકલ કરી તથા પરિસ્થિતિ તાકિદે રાબેતા મુજબની થાય તેવી શુભેચ્છા પાઠવેલ છે.

TOP

:: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત ગોરમાગીત સ્પર્ધા

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા ગોરમાગીત સ્પર્ધા તા.૩૦/૦૭/૨૦૧૫ના રોજ સવારે ૯.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી. સુખ સમૃધ્ધમય પરણિત ભાવિની કલ્પના સાકાર કરવાના હેતુસર અને ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે ઉજવાતા આ ઉત્સવની ઉજવણીમાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી અંદાજે ૭૫ જેટલી પ્રાથમિક શાળાની બાળાઓએ પરંપરાગત પહેરવેશમાં સજજ થઈને ગોરમાંની આરાધના કરતાં ગીતો પૂરી તન્મયતાથી ગાયાં હતાં. જેને ઉપસ્થિત સૌએ ભાવસભર માણ્યાં હતાં. સ્પર્ધાને અંતે નીચે મુજબની શાળાઓ વિજેતા જાહેર થઈ હતી.

| વિજેતાનો ક્રમ | શાળાનું નામ |
|---|---|
| પ્રથમ | શ્રી સ્વામીનારાયણ પરમસુખ કન્યા વિદ્યાલય |
| દ્વિતીય | શ્રીમતી એલ. પી. સવાણી વિદ્યાભવન, ગુજ. માધ્યમ હનીપાર્ક રોડ |
| તૃતીય | સરદાર પટેલ વિદ્યાભવન |
| આશ્વાસન | સંસ્કાર ભારતી વિદ્યાલય |
| | માદામ ભીખાઈજી કામા ન.પ્રા.શાળા ક્રમાંક–૧૧૬ |
| | શહીદ વિનોદ કિનારીવાલા ન.પ્રા.શાળા નં.૨૦૯ |
| | કે.પી.ગાંધી પ્રા. વિદ્યાલય, જીવનભારતી કિશોરભવન શાળા |
| | શ્રી મણીબેન પ્રા.શાળા નં.૧૯૮ |

ગોરમાગીત સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી કિશોરીબેન કાપડિયા તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ, પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર અને અલ્પાહાર આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને સંગીતપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગોરમાંના ગીતો માંણવા સાથે સ્પર્ધક કન્યાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## પ્રેસ નોટ

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં જમીન મિલ્કત વિભાગ દ્વારા આવાસમાં રહેતા ભાડુઆતો પાસેથી ચાલુ વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન રૂા.૩૪,૯૫,૦૧૦/–થી વધુની ભાડાની વસુલાત.

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં ચાલુ વર્ષ ૨૦૧૫–૧૬ માં જમીન મિલ્કત વિભાગ દ્વારા ઝોન વિસ્તારમાં બાંધવામાં આવેલ તમામ ભઈધઈક આવાસોના ભાડુઆતો દ્વારા દર મહિને નિયત કરેલ ભાડાના હપ્તા ભરપાઈ કરવામા લાંબા સમયથી વિલંબ કરવામાં આવતા હતા. જે માટે સદર આવાસોમાં અલગ અલગ દિવસે જયાં ભાડાના હપ્તાની વસુલાત લાંબા સમયથી બાકી હોય તેવા આવાસોના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)નાં એડી.સીટી.ઈજનેરશ્રી જે.કે શાહ ના માર્ગદર્શન હેઠળ આસી.કમિશનરશ્રી શ્રીમતી ગાયત્રી આર. જરીવાલા તથા જમીન મિલ્કત વિભાગના સ્ટાફ દ્વારા ઝુંબેશ કરવામાં આવેલ હતી. જેમાં આવાસ વિસ્તારોમાં રહેતા ભાડુઆતોનો ડોર ટુ ડોર સંપર્ક કરી આવાસના હપ્તા સમયસર ભરપાઈ કરવા બાબતે સમજ આપી. જે ઝુંબેશને કારણે ચાલુ વર્ષ ૨૦૧૫–૧૬ માં રૂા.૩૪,૯૫,૦૧૦/– થી વધુની આવાસોના ભાડાના હપ્તાની વસુલાત કરવામાં આવી.

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ખાતે આવેલ તમામ ભઈધઈક આવાસો ખાતે આવનાર દિવસે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. હવે પછી આવાસોના ભાડાના હપ્તાની રકમ ભરપાઈ કરવામાં વિલંબ કરનાર બાકીદારો સામે નિયમ અનુસારની તમામ કાર્યવાહી પુર્ણ કરી, જો બાકી હપ્તા ભરપાઈ કરવામાં સહકાર આપવામાં ન આવશે તો મિલ્કતોને સીલ મારવા સુધીની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. આથી તમામ ભઈધઈક આવાસોના ભાડાના હપ્તાની રકમ બાકી હોય તેવા ભાડુઆતોએ તાત્કાલિક સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં સમયસર બાકી રહેલ હપ્તાની રકમ ભરી સુરત શહેરનાં વિકાસમાં સહભાગી થવા અપીલ કરવામાં આવેલ.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં તા.૨૪/૦૭/૨૦૧૫ના રોજ ટી.પી.સ્કીમ નં.૨૯(રાંદેર), ફા.પ્લોટ નં.૧૧૦, કઈભઈધઈકઈ ના રીઝર્વેશનના પ્લોટમાં બનાવેલ ચણતર, પ્લાસ્ટરના સિમેન્ટના પતરાંના રૂફ વાળા આશરે ૮૦૦.૦૦ ચો.ફૂટના ૪ મકાનોના બાંધકામો દૂર કરીને રીઝર્વેશન પ્લોટનો પ્રત્યક્ષ કબ્જો લેવાની કામગીરી સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)ના શહેરી વિકાસ વિભાગ તથા દબાણ ખાતાના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ કામગીરી એડી.સીટી ઈજનેરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણના સ્ટાફ દ્વારા સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગર પાલિકાના સાઉથ–ઈસ્ટ(લિંબાયત) ઝોનમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૭(આંજણા) સ્થિત વિવિધ ઈન્ડ. સોસાયટીઓ જેવી કે વૃંદાવન ઈન્ડ.,જયનારાયણ ઈન્ડ.,જય ઈન્ડ.,યમુના ઈન્ડ. અને શાંતિનગર ઈન્ડ. પૈકીમાં ગુડા–૨૦૧૧ અંતર્ગત ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારની ફાઈલો જેમાંથી વધું નાણાં જમાં લેવાના રહેતા હતા તેવા અરજદારોનોની યાદી મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા બાકી વસુલાત માટે ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અન્વયે શરૂઆતમાં સદરહુ વિસ્તારનાં રહીશો દ્વારા વિરોધ નોંધાવવામાં આવેલ. પરંતુ સુરત મહાનગરપાલિકા દ્વારા કડક વલણ દાખવી સીલ મારવા સુધીની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ.જે અંતર્ગત લાગત સબઝોનનાં ડેપ્યુટી ઈજનેર, આસી.ઈજનેર, આસી.ટાઉનપ્લાનર, દબાણ ખાતાના સુપરવાઈઝર, દબાણ સ્ટાફ, બેલદારો તેમજ ખાનગી એજન્સીનાં મળી કુલ ૧૫ માણસોની ટીમ બનાવી ઈન્ડસ્ટ્રીયલ અરજદારોનો રૂબરૂ સંપર્ક કરી સ્થળ પર જ ઈમ્પેકટ ફી વસૂલાતની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેના પરીણામરૂપે આ લખાય છે ત્યા સુધી સદર મિલ્કતદારો તરફથી ઈમ્પેકટ ફી ની રકમ પેટે રૂા.૮,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા આઠ લાખ) થી વધુ રકમના રોકડ તેમજ પોસ્ટ ડેટેડ ચેકો જમા કરવામાં આવેલ છે. વધુમાં આગામી માસમાં પણ ગૃડા–૨૦૧૧ અંતર્ગત ઈમ્પેકટ ફી વસુલાત માટે ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૩૧.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩૮ ફાઈલના રૂા.૧૩.૬૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૫ લોકેશન(ખાડા)૨૦૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૧.૯૯૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા કુલ–૦૨ લોકેશન(ખાડા) ૧૦૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૨૦૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૫૪ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૩૨ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલતથા નવા પાણીના કનેકશન કુલ–૧૬ આપવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૫૯ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૨૪૬ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૨૭.૧૭ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૩.૬૬ લાખ થયેલ છે.,૨૭ ભહ તથા ૦૭  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૧૫૭/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૧૨ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૯ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૭ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૮.૦૫૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૩ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૭૧૫૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૨૪૦૮ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૭૫૪૬  બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૧૦૯ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૫૬૨ કરવામાં આવેલ છે. જયારે ૩૯ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે  રૂા.૬૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ
નોર્થ ઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૦/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૨૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. ૩૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૮૧૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૧૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૧૨૦ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૪૦,૩૮,૯૬૨/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૯૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૫ર એન્ટ્રીમાં રૂા.૧,૦૪,૫૭૦/– અને આર.સી.ની ૪૬ એન્ટ્રીમાં રૂા.૧,૯૯,૫૪૯/– મળી કુલ રૂા.૩,૦૪,૧૧૯/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૦૦/–, રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૫૪૦/– અને દંડની રકમની ૦૮ એન્ટ્રીમાં રૂા.૧૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૬ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૪ ફાઈલના રૂા.૪,૮૩,૬૫૫/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૧૦,૪૯૭/–, મિલ્કત ભાડાના રૂા.૧,૬૯૩/–, દબાણ ચાર્જના રૂા.૩,૧૦૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૩૦૦/– મળી કુલ રૂા.૧,૧૫,૫૯૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૨ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

(૧) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી)અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૭, નોંધ નં.૧૦૧૯ પૈકી વાળી મિલ્કતમાં મિલ્કતના હિત ધરાવનારા ધ્વારા ગ્રા.ફલોર પર કરેલ કોલમ તથા સ્લેબ સહિતનું બાંધકામ તા.૨૯/૦૭/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. તેમજ આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સ્લેબ ભરવાના ઈરાદે કરવામાં આવેલ કોલમ તથા આશરે ૭૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ સહિતનું બાંધકામ તા.૩૦/૦૭/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેમાં વહીવટી ચાર્જ પેટે ૨૫,૦૦૦/– ચાર્જ વસૂલ લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૭, નોંધ નં.૧૨૬૨/અ/૨/બ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૩/૦૭/૧૫ ના રોજ વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારા ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગ્રા.ફલોર પર સ્લેબ ભરવાના ઈરાદે કરેલ શટરીંગ પૈકી માર્જીનમાં કરેલ શટરીંગ તથા સળીયા તેમજ રોડ સાઈડ માર્જીનમાં બનાવવામાં આવેલ ઓફિસ સહિતનું બાંધકામ તા.૨૯/૦૭/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

(૩) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૫, નોંધ નં.૧૪૧૨/૨,૧૪૧૩, ૧૪૧૪, ૧૪૧૭/૬/૨,૧૪૧૭/૭/૨, ૧૪૧૭/૮, ૧૪૧૭/૯/૧ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૩/૧૦/૧૨ ના રોજ વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારા શ્રી મો. દાઉદ પારેખ અને બીજાઓ ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ પાંચમા માળે વધારાના ભાગમાં આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરેલ આર.સી.સી. બીમ, કોલમ, સ્લેબ તથા આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરેલ ચણતરની દિવાલ સહિતનું બાંધકામ તા.૩૦/૦૭/૧૫ તથા તા.૩૧/૦૭/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

(૪) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૪, નોંધ નં.૨૪૨૨, ૨૪૨૩ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૧૧/૧૦/૧૩ ના રોજ વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારા ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગ્રા.ફલોર પર આશરે ૨૨૬ ચો.ફુટ માપ વિસ્તારમાં બનાવવામાં આવેલ દુકાન તથા પાંચમાં માળે આશરે ૨૧૫ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ સહિતનું બાંધકામ તા.૩૧/૦૭/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં મા.કમિશ્નરશ્રી તથા સાઉથ ઝોનનાં વડા અને એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ) તથા ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પી.) ના માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન (ઉધના)ખાતે " સ્વચ્છ ભારત અભિયાન " અંર્તગત તા.૩૧/૦૭/૨૦૧૫ ના રોજ સવારે ૯:૦૦ થી ૧:૦૦ દરમ્યાન્ યદ્યત્ભ્ન્ચ્બ્ત્ભ્ન જભ્બત્ઝિ ઢ ભદ્યન્દ્યભ્ભ્ચ્દ્યન બ'ત્ય઼દ્ય .બ્દ્યિ અભિયાન હેઠળ નચ઼ગઉ બ'ત્ય઼–ય્ત્ થ કરવાનું નકકી કરેલ બમરોલી વોર્ડ ઓફિસના કાર્યક્ષેત્રમાં (૧) પિયુષ પોઈન્ટ થી અલથાણ બ્રીજ સુધી (૨) અલથાણ બ્રીજ થી પિયુષ પોઈન્ટ સુધી આરોગ્ય અને ફુડ વિભાગ, ઈજનેરી વિભાગ, ગુમાસ્તા વિભાગ, આકારણી તથા જમીન મિલ્કત વિભાગ, ગાર્ડન વિભાગ, લાઈટ વિભાગ ના સ્ટાફ દ્વારા સંયુકતપણે ધનિષ્ટ સફાઈ તથા સંલગ્ન કામગીરી હાથ ધરવામાં આવેલ.

સદર અભિયાન દરમ્યિાન ઝોનના વડાશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી, આસી.કમિશ્નરશ્રી, નાયબ આરોગ્ય અધિકારી, ડે.ઈજનેર, મુખ્ય આરોગ્ય નિરીક્ષક, તથા આરોગ્ય વિભાગ અને ઈજનેરી વિભાગના કર્મચારીઓએ હાજર રહી આશરે ૧૦૭ કામદારો પાસે સીધી દેખરેખ હેઠળ ૨ ધાર્મિક સ્થળોની આસપાસ તેમજ સદર વિસ્તારમાં સાફ–સફાઈ કરાવી ૯.૫ મે.ટન કચરાનો નિકાલ કરાવેલ છે. અને ૪૩૦ કિ.ગ્રામ જંતુનાશક દવાનો છંટકાવ કરાવેલ છે. અભિયાન દરમ્યાન હોટેલ રેસ્ટોરન્ટ – ૦૧ ચેક કરી ૧.૫૦૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થનો નાશ કરાવી ૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરેલ છે. અને કસુરવાર ૯ ઈસમો પાસે થી રૂા.૯૧૦૦/– વહીવટી ખર્ચ પેટે વસુલ કરેલ છે. વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૩૭૫ ઘરોનો ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે કરી મળેલ ૦૩ બ્રીડીંગ સ્પોટનો નાશ કરેલ તથા ૨૧ સ્લાઈડ કલેકશન કરી, ૬૯ રહેણાંક ઘરોની પાણી ટાંકી ચેક કરવામાં આવેલ. અને કસૂરવાર – ૨ ઈસમો પાસે થી રૂા.૬૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે. જંતુનાશક દવાનો છંટકાવ કરી મચ્છરની ઉત્તપતિ અટકાવી, પાણીજન્ય તથા વાહકજન્ય રોગો વિશે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે. વધુમાં ફુડ સેફટી ઓફિસર ધ્વારા (૧) માધવ ટ્રેર્ડસ પ્લોટ નં.૩૫૧ ગોપાલનગર, ગુ.હા.બોર્ડ, પાંડેસરા ખાતે થી ડાલડા ઘી, ધાણી તથા મસ્ટર ઓઈલનાં નમુના લીધેલ છે.

ઈજનેરી વિભાગ ધ્વારા ૧૨૦૦ સ્કર્વેર મીટર સ્ક્રેપીંગ કરાવવી, ૪.૫ મે.ટન માટી મિશ્રિત કચરાનો નિકાલ કરાવેલ છે. સ્ટ્રોમ જાળીયા – ૧૫ સફાઈ કરાવવામાં આવેલ છે. તથા મેઈન હોલ – ૩ રીપેરીંગ કરાવવામાં આવેલ છે. દબાણ વિભાગ તથા શહેરી વિકાસ વિભાગ તરફ થી રસ્તો ખુલ્લો કરવા ૩૨ રનીંગ મીટર ઓટલાનું દબાણ દૂર કરવામાં આવેલ છે. અને રોડ ઉપરનાં ૬– પતરા ઉતરાવવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા ૩૫ સંસ્થાઓ ચેક કરી ૨ ને નોટીસ આપવામાં આવેલ તેમજ વ્યવસાયવેરા હેઠળ ૧૮૨ સંસ્થા ચેક કરી ૫૯ સંસ્થાને નોટીસ આપેલ છે. અને રૂા.૧,૦૯,૩૪૦/– વસુલાત કરવામાં આવેલ છે. જમિન મિલ્કત વિભાગ ધ્વારા બમરોલી ભઈધઈક આવાસ ખાતે થી કુલ–૨૨ ઈસમો પાસે થી આવાસ ભાડા પેટે રૂા.૮૫,૦૦૦/– ની વસુલાત સ્થળ પર કરવામાં આવેલ છે. આકારણી વિભાગ ધ્વારા વોર્ડ નં.૬૮ એ, ૬૮ બી, ૬૮ સી, ૬૮ ડી, ૬૮ ઈ., ૩૧ એ અને ૩૧ સી., ખાતે ડોર ટું ડોર સર્વે કરી બાકી વેરા માટેની ઝુંબેશ દરમ્યાન રૂા.૧૧,૮૧,૦૦૦/– જેટલી રકમ વસુલ કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

| | |
|---|---|
| | સુરત મહાનગરપાલિકા<br>માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૫/૭/૨૦૧૫ થી તા.૩૧/૭/૨૦૧૫ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથઈસ્ટ ઝોન(લીંબાયત), વેસ્ટઝોન, તથા સાઉથ વેસ્ટઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૦૦,૫૯૦/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૨૧,૪૯૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૨૨૦.૫૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૭૧.૪૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ– ૪૧ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૭૯,૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ–૯૦(એ)(૧) મુજબ ૦૯ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૯૮૮૦ અને ૪૪૨૨ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૨૮,૧૦૦/– અને રૂા.૧,૭૪,૩૨૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૦૨,૪૨૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

TOP

## સ્મીમેર

## પ્રેસનોટ

સ્મીમેર હોસ્પીટલમાં તા.૨૪/૦૭/૨૦૧૫ થી તા.૩૦/૦૭/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૧૧૦૮૫ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી. ૧૨૩૩ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૪૨૭ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૪૧ દર્દીઓને સારવાર આપવામાં આવી.

ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૪૦ સ્ત્રીઓની પ્રસુતિ કરાવવામાં આવી.

સ્મીમેર હોસ્પીટલમાં ૩૯૫ મેજર ઓપરેશનો તથા ૧૫૫ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.

રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૨૭૯૧, સોનોગ્રાફી ૬૦૩, એમ.આર.આઈ. ૧૪૩ તથા સીટી સ્કેન ૧૨૭ કરવામાં આવેલ છે.

ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૨૪૪ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૩૦૫ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.

સ્મીમેરની લેબોરેટરીમાં ૨૮૬૫૫ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.

જુના ૧૯૨ દર્દીઓ તથા નવા ૭૫ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## રીવાઈઝડ પ્રેસનોટ

આજ રોજ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે ગુજરાત રાજયનાં રાજય કક્ષાનાં મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીની હાજરીમાં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાની અધ્યક્ષતા હેઠળ સુરત મહાનગરપાલિકા તથા ગુજરાત રાજયના ઈરીગેશન ડીપાર્ટમેન્ટ સાથે સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, સદર બેઠકમાં સુરત મહાનગરપાલિકાનાં કમિશ્નરશ્રી મિલિન્દ તોરવણે, યબક અને અન્ય અધિકારીશ્રીઓ તથા ઈરીગેશન ડીપાર્ટમેન્ટનાં સુપ્રિ.એન્જીનીયરશ્રી એ.ડી.કાનાણી અને કાર્યપાલક ઈજનેરશ્રીઓ હાજર રહયાં હતા.

સદર સંકલન બેઠકમાં ઈરીગેશન વિભાગ તરફથી તાપી નદીનાં ડાબા કાંઠે આઈ. પી. મિશન સ્કૂલની પાછળનાં ભાગમાં આવેલ પાતળિયા હનુમાનદાદા અને હ::ઉભ્ચ બંગ્લોઝની લાગત જગ્યાઓ ઉપર જરૂરી ડીમાર્કેશન આપવા અને જગ્યાની માલિકી નકકી કરી રસ્તો બનાવવા/પાળાનાં કામે જમીન સંપાદન કરવાનાં મુદ્દાઓ સંદર્ભે ચર્ચા થઈ હતી. આ મુદ્દો સંવેદનશીલ હોય, માન. મંત્રીશ્રી દ્વારા સુરત મહાનગરપાલિકા અને ઈરીગેશન વિભાગ સંકલિત ધોરણે કામગીરી કરે અને પાળાની કામગીરી ઝડપથી પુરી થાય અને તે ઉપરાંત ટી.પી.નાં રસ્તાનો વિકાસ જલ્દી થાય તેવી સૂચના આપી હતી.

વધુમાં, ઈરીગેશન ડીપાર્ટમેન્ટ દ્વારા પાળાની સરકારી જગ્યા ઉપર થતાં અનઅધિકૃત દબાણો દૂર કરવા સુરત મહાનગરપાલિકાનાં સહકારની માંગણી કરી હતી. આ સંદર્ભે મ્યુ. કમિશ્નરશ્રીએ સુરત મહાનગરપાલિકા તરફથી ઝડપથી કાર્યવાહી થાય તેવી ખાતરી આપી હતી તથા જગ્યાની માલિકી સરકારશ્રીની હોય, અનઅધિકૃત દબાણકર્તાઓ સામે પોલીસ ફરિયાદ કરવા અને કસૂરવારની સામે પાસા હેઠળ શિક્ષા થાય તેવી કડક કાર્યવાહી ઈરીગેશન વિભાગ દ્વારા કરાવવા જણાવેલ છે.

ઉકત બેઠકમાં તાપી નદી કાંઠાને લગતા ટી. પી. સ્કીમો માટેના ટાઉન પ્લાનીંગ ઓફિસરો હાજર રહયા હતા અને ઈરીગેશન વિભાગ નદી અને પાળાની હદ બનતી ત્વરાએ નકકી કરી આપે તેવી રજૂઆત કરેલ. આ સંદર્ભે ઈરીગેશન વિભાગે પુરા સહકાર અને ઝડપથી કામગીરી થશે તેવી ખાતરી આપી હતી.

સુરત મહાનગરપાલિકાનાં અન્ય પ્રશ્નો સંદર્ભે વિશેષ ચર્ચાઓ થઈ હતી અને ઈરીગેશન વિભાગે આ સંદર્ભે ઝડપથી કાર્યવાહી કરવા સંમતિ દર્શાવેલ જેમાં બીઆરટીએસ રૂટ ઉપર આવતી ઈરીગેશન વિભાગની જગ્યાનો કબજો સુરત મહાનગરપાલિકાને બનતી ત્વરાએ સુપ્રત કરવામાં આવે અને આ માર્ગની પૂરેપુરી પહોળાઈનો ઉપયોગ નાગરીકોનાં લાભાર્થે થઈ શકે તે માટે પૂરતો સહકાર આપવા જણાવેલ. આ ઉપરાંત તાપી નદી કિનારે રૂંઢ પાસે બલુન બેરેજ બનાવવા ગેરીને મોડેલ રન કરવા માટેની સુપ્રત કરેલ કામગીરીના આખરી પરિણામો બનતી ત્વરાએ મેળવી અપાવવા ઈરીગેશન વિભાગ સહકાર આપશે તેમ જણાવેલ.

સંકલન બેઠક પુરતા સુમેળભર્યા વાતાવરણમાં યોજોયેલ અને સૌનો આભાર માન.મેયરશ્રીએ વ્યકત કરીને આગામી બેઠક આવતા માસે યોજવાનું સૂચન કરીને પૂર્ણ જાહેર કરેલ.

TOP

## પ્રેસનોટ
## નોર્થઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૧/૦૭/૨૦૧૫ ના રોજ ઝોનના ડે.ઈજનેરશ્રી અને આસી./જુની.ઈજનેરશ્રીઓના સ્ટાફને સાથે રાખીને ડીમોલીશનનની કરેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ) ફા.પ્લોટ નં. ૨૭ માં આવેલ ભુલાભાઈ પાર્ક સોસાયટીના સબ પ્લોટ નં. એ/૬૫ માં રહેણાંકની માર્જીન પૈકીની જગ્યામાં આશરે ૪૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કોમર્શીયલ હેતુસર બનાવવામાં આવેલ દુકાનો નંગ–૩ (ત્રણ) ના શટરો અને આંતરિક દિવાલો દુર કરવામાં આવેલ છે.

(૨) મોજે અમરોલી, બ્લોક નં. ૬૮, સબ પ્લોટ નં. ૧૩, ૧૪, ૧૫ માં ચોથા માળે શરૂ કરાયેલ આશરે ૨૭૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સ્લેબ ભરવાના ઈરાદે કરવામાં આવેલ સેન્ટરીંગ/શટરીંગ તેમજ ગ્રા.ફલોર હયાત પાર્કિંગમાં કરવામાં આવેલ ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતરકામ દુર કરી મિલ્કતદાર પાસેથી ૧૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં. ૭૦ (અ.કો.છા.ઉ) આંબાવાડી વિસ્તારના સબ પ્લોટ નં. ૩, ૪ પૈકીની જગ્યામાં ચોથા માળે આશરે ૭૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ તેમજ આશરે ૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચતણરકામ સહિતના બાંધકામનું ડીમોલીશન તા.૨૯/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ છે. તેમજ મિલ્કતદાર પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP